Knowledge Consortium of Gujarat
Department of Education, Government of Gujarat

નં. કેસીજી/શોધ/૨૦૨૪-૨૫/2495 તા.03/02/૨૦૨૫

પ્રતિ,
કુલપતિશ્રી,
તમામ યુનિવર્સિટી,
ગુજરાત રાજ્ય

**વિષય:** "શોધ" (ScHeme Of Developing High quality research) યોજનાની માહિતી તમામ પી.એચ.ડી.ના વિદ્યાર્થીઓને આપવા બાબત

માન. સાહેબશ્રી,

શિક્ષણ વિભાગ દ્વારા રાજ્યમાં આવેલી માન્ય યુનિવર્સિટીઓમાં પી.એચ.ડી. કોર્સમાં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓને ગુણવત્તાયુક્ત સંશોધન માટે આર્થિક સહાય પૂરી પાડવા "શોધ" (ScHeme Of Developing High quality research) યોજના શરૂ કરવામાં આવેલ છે. આ યોજનાથી વિદ્યાર્થીઓને ગુણવત્તાયુક્ત સંશોધન માટે પી.એચ.ડી.ની ડિગ્રી પ્રાપ્ત કરવા માટે આર્થિક સહાય મળવાથી આવક કે નાણાંકીય ઉપાર્જન કરવાનો પ્રશ્ન રહેશે નહીં. આ આર્થિક સહાય દ્વારા તેઓ જરૂરી પુસ્તકો અને નાના ઈક્વિપમેન્ટની ખરીદી કરી શકે છે તથા ટ્રાવેલ અને ફિલ્ડ વર્ક કરી અલગ અલગ સ્થળે રૂબરૂ મુલાકાત લઇ ગુણવત્તાયુક્ત પી.એચ.ડી. માટે થીસીસ રજુ કરી શકશે. જેના કારણે રાજ્યમાં વધુમાં વધુ વિદ્યાર્થીઓને ઉચ્ચ કક્ષાના ગુણવત્તાયુક્ત સંશોધન માટે પ્રેરણા મળશે. નીચે મુજબની પાત્રતા ધરાવતા વિદ્યાર્થીઓ આ યોજના અંતર્ગત અરજી કરી શકે છે.

1. **વિદ્યાર્થીએ કોઈ પણ વિદ્યાશાખામાં અનુસ્નાતક કક્ષાએ ઓછામાં ઓછા ૫૫% (ગ્રેસીંગ અને રાઉન્ડ ઓફ કર્યા સિવાય) મેળવેલ હોવા જોઈએ.** જેમાં એસસી./એસ.ટી./ઓ.બી.સી. (નોનક્રીમીલેયર)/ ડીફરન્ટલી એબલ્ડ કેટેગરીના વિદ્યાર્થીઓને ૦૫% (ગ્રેસીંગ અને રાઉન્ડ ઓફ કર્યા સિવાય)ની છૂટછાટ મળવાપાત્ર રહેશે.
2. વિદ્યાર્થીએ **ગુજરાતની માન્ય સરકારી, સેક્ટોરલ અથવા ખાનગી યુનિવર્સિટી અથવા રીસર્ચ સંસ્થામાં પી.એચ.ડી. કોર્સમાં રેગ્યુલર ફુલ ટાઈમ મોડમાં તા. ૦૧-૦૭-૨૦૧૮ પછી પ્રવેશ નિશ્ચિત કરાયેલ હોવો જોઈએ.** રાષ્ટ્રીય કક્ષાની સંસ્થાઓના વિદ્યાર્થીઓને આ લાભ મળશે નહી.
3. વિદ્યાર્થીએ રાષ્ટ્રીય કે રાજ્ય કક્ષાની અન્ય કોઈપણ સંશોધન શિષ્યવૃત્તિ (જેમકે યુજીસી રીસર્ચ ગ્રાન્ટ, રાજીવ ગાંધી ડોક્ટોરલ ફેલોશિપ, મૌલાના આઝાદ ડોક્ટોરલ ફેલોશિપ, ICSSR/ ICAR/ CSIR/ ICPR/ ICMR/ ICHR કે અન્ય કોઈ સ્કોલરશીપ મેળવેલ હશે તો આ યોજના અંતર્ગત સહાય મેળવવા પાત્ર રહેશે નહી.
4. વિદ્યાર્થી કોઈપણ સંસ્થા ખાતે કોઈપણ રીતે કામગીરી બજાવતો કે આવક મેળવતો ન હોવો જોઈએ. પીએચડી કરતાં વચ્ચેના સમયમાં નોકરીમાં જોડાશે કે અન્ય સ્કોલરશિપ મળશે તો જે તે સમય સુધી પ્રાપ્ત થયેલ રકમ ઠરાવ અનુસાર પરત કરવાની રહે છે.
5. કોઈપણ વિદ્યાર્થી જો રાજ્યની સરકારી/ ખાનગી/ સેક્ટોરલ યુનિવર્સિટીમાં ફૂલ ટાઈમ પી.એચ.ડી. કરતો હોય અને તેની પોતાની કોઈ આવક/પગાર ન હોય તે આ યોજના નીચે સમાવિષ્ટ રહેશે.
6. પી.એચ.ડી. રજીસ્ટ્રેશન યુ.જી.સી.ના પ્રવર્તમાન ધારાધોરણ મુજબ થયેલ હોવું જોઈએ.

7. અરજી મંજૂર થયા બાદ જે વિદ્યાર્થીઓ પી.એચ.ડી. અધવચ્ચે છોડી દેશે તો મળેલ સહાયની તમામ રકમ ૧૨% વ્યાજ સાથે પરત કરવાની રેહશે.
8. અરજી મંજૂર થયા બાદ નીચે મુજબના કિસ્સાઓમાં વિદ્યાર્થીએ મળેલ સહાયની તમામ રકમ ૧૮% વ્યાજ સાથે પરત કરવાની રેહશે.
   (i) અન્ય ફેલોશીપ સ્વીકારી હોય
   (ii) કોઈ પણ રીતે કામગીરી કરી આવક મેળવતા હોય,
   (iii) ગંભીર શિસ્ત વિષયક કાર્યવાહી થઇ હોય
   (iv) કોઈ ખોટી વિગતો, ખોટું આવકનું પ્રમાણપત્ર મેળવીને કે અન્ય કોઈ રીતે ખોટી વિગતો રજુ કરીને કે છેતરપીંડીથી સહાય મેળવેલ છે તેવું પ્રસ્થાપિત થયેલ હોય
   (v) યોજના અંતર્ગત સૂચવેલા અન્ય નિયમોનો ભંગ કરેલ હશે તો
9. અરજીની તમામ પ્રક્રિયામાં સ્કુટીની કમિટી જે નિર્ણય લેશે તે અંતિમ ગણાશે.

આ યોજના અન્વયે શિક્ષણ વિભાગ દ્વારા કરવામાં આવેલ ઠરાવની નકલ તથા યોજના અંતર્ગત વિદ્યાર્થીઓ પાસેથી **વર્ષ ૨૦૨૪-૨૫ અન્વયે ઓનલાઈન અરજીઓ તા.૦૩/૦૨/૨૦૨૫ થી ૨૮/૦૨/૨૦૨૫ સુધી મંગાવવા માટેની જાહેરાત** આ સાથે આપના સંદર્ભ અર્થે સામેલ રાખી મોકલી આપેલ છે.

આ યોજનાની માહિતી વધુમાં વધુ વિદ્યાર્થીઓ સુધી પહોંચે તે માટે તથા ધોરણો અનુસાર લાયકાત ધરાવતા તમામ વિદ્યાર્થીઓ **આ યોજનાનો લાભ મેળવી શકે તે માટે આપની યુનિવર્સિટી ખાતે પી.એચ.ડી. કોર્સમાં પ્રવેશ મેળવેલ અને યોજનાની જોગવાઈઓ અનુસાર પાત્રતા ધરાવતા વિદ્યાર્થીઓને આ યોજના અંગેની માહિતી મળી રહે તે તમામ વ્યવસ્થા કરવા વિનંતી છે.** તથા તમામ સોશિયલ મીડિયા/ અન્ય માધ્યમો દ્વારા પ્રચાર પ્રસાર કરવા અનુરોધ છે. આ માટે વિદ્યાર્થીઓએ ઓનલાઈન અરજી કરવાની રહેશે. આપની યુનિવર્સિટી ખાતે પી.એચ.ડી. કોર્સ ચલાવતાં તમામ વિભાગોને પણ આ અંગેની માહિતી વિદ્યાર્થીઓ સુધી પહોંચાડવા તે માટે આપશ્રીને વિનંતી છે. તથા આ જાહેરાત આપની યુનિવર્સિટીની વેબસાઈટ પર તેમજ તમામ પી.એચ.ડી. કોર્સ ચલાવતાં તમામ વિભાગો તેમજ સંલગ્ન કોલેજોમાં પણ પ્રદર્શિત થાય તેવી વ્યવસ્થા ઉભી કરવી કે જેથી વધુમાં વધુ વિદ્યાર્થીઓ આ યોજના હેઠળ લાભાન્વિત થઇ શકે.

આભાર સહ,

મેમ્બર સેક્રેટરી,
શોધ યોજના

બિડાણ:

૧. શિક્ષણ વિભાગનો ઠરાવ ક્રમાંક:બજટ/૨૦૧૯/ન.બા.૬૪૭/ખ-૧ તા.૦૫-૦૮-૨૦૧૯ અને ગાઈડલાઈન્સ
૨. શોધ યોજનાની જાહેરાત

**નકલ રવાના:**

૧. પી.એ. ટુ માન. અધિક મુખ્યસચિવશ્રી (શિક્ષણ), ગુજરાત અને એક્ઝીક્યુટીવ ચેરપર્સન, કેસીજી
૨. પી.એ. ટુ માન. નિયામકશ્રી (ઉચ્ચ શિક્ષણ), ગુજરાત અને સીઈઓ, કેસીજી
૩. પી.એ. ટુ માન. નિયામકશ્રી (ટેકનીકલ શિક્ષણ), ગુજરાત રાજ્ય
૪. રજીસ્ટ્રારશ્રી, તમામ યુનિવર્સિટી, ગુજરાત રાજ્ય
૫. નોડલ ઓફિસર, શોધ યોજના, તમામ યુનિવર્સિટી

# Knowledge Consortium of Gujarat, Ahmedabad

**Opp. PRL, Nr. L. D. College of Engineering, Navarangpura, Ahmedabad - 380009**

## Scheme Of Developing High quality research (SHODH) Inviting online Applications for the Year 2024-25

The Scheme of Developing High Quality Research -SHODH was initiated by Education Department, Govt. of Gujarat via Resolution No.BJT/2019Kh1 dated 05-08-2019. The main objective of the scheme is to provide financial assistance to research scholars pursuing Ph.D. in a regular full-time mode from the universities of Gujarat to carry out qualitative research. Students who have enrolled for Ph.D. in recognized State/ Private/ Sectorial University of Gujarat State on regular full time mode only and are not employed with any institution or organization, not earning money, and are not availing any other State or National Level Research Scholarship, and also fulfilling other criteria as outlined in GR and Guidelines are eligible to apply for the scheme. Students fulfilling the aforementioned eligibility criteria may apply online through **https://shodh.guj.nic.in/** website from **03/02/2025 to 28/02/2025, 18.00 hrs.** Applicants are advised to review the rules/clarification provided on SHODH portal before applying. If student discontinues Ph.D. or fail to adhere to any of the norm/s, then he/she will be held liable to refund all the received amount with interest as per the norms. The decision of Scrutiny committee will be final. For additional information, please visit the **SHODH website or call on helpline number 9979200152 or email us on shodhsupport-kcg@gujgov.edu.in** during working hours.

INF/ABD/1529/25

**CEO, KCG**

# નોલેજ કોન્સોર્ટિયમ ઓફ ગુજરાત

પી.આર.એલ.ની સામે, એલ.ડી. એન્જીનીયરીંગ કોલેજની બાજુમાં, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦૦૧૫

**ScHeme Of Developing High quality research (શોધ)**

**વર્ષ ૨૦૨૪-૨૫ અન્વયે ઓનલાઈન અરજીઓ મંગાવવા બાબત**

શિક્ષણ વિભાગ, ગુજરાત સરકાર દ્વારા ઠરાવ ક્રમાંક બજટ/૨૦૧૯/ન.બા.ક૪૭/ખ-૧ તા. ૦૫/૦૮/૨૦૧૯ દ્વારા રાજ્યમાં આવેલી માન્ય સરકારી/સેક્ટોરલ/ખાનગી યુનિવર્સિટીઓમાં પી.એચ.ડી. કોર્સમાં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓ પૈકી ગુણવત્તાયુક્ત સંશોધન કરનાર વિદ્યાર્થીઓને આર્થિક સહાય પૂરી પાડવા શોધ (ScHeme Of Developing High quality research) યોજના શરૂ કરવામાં આવેલ છે. જે વિદ્યાર્થીઓએ ગુજરાત રાજ્યમાં આવેલી માન્ય સરકારી, સેકટોરલ અથવા ખાનગી યુનિવર્સિટી અથવા રીસર્ચ સંસ્થા ખાતે પી.એચ.ડી. કોર્સમાં રેગ્યુલર ફૂલ ટાઈમ મોડમાં પ્રવેશ મેળવેલ હોય અને સંશોધન માટે રાજ્ય કે રાષ્ટ્રીય કક્ષાની કોઈ શિષ્યવૃત્તિ મેળવતા ના હોય તથા કોઈપણ રીતે અન્ય આવક મેળવતા ન હોય અને ઠરાવની અન્ય શરતો સંતોષતા હોય તેવા વિદ્યાર્થીઓ આ યોજના અંતર્ગત વર્ષ ૨૦૨૪-૨૫ હેઠળ લાભ મેળવવા અરજી કરી શકે છે. ઠરાવની શરતો અને નિયમો અનુસાર પાત્રતા ધરાવતા વિદ્યાર્થીઓ https://shodh.guj.nic.in/ વેબસાઈટ પર તા.૦૩/૦૨/૨૦૨૫ થી તા.૨૮/૦૨/૨૦૨૫, ૧૮:૦૦ કલાક સુધીમાં ઓનલાઈન અરજી કરી શકે છે. આ યોજનાનો ઠરાવ અને અન્ય નિયમો/સૂચનાપત્રો વેબસાઇટ પર ઉપલબ્ધ છે. જે ધ્યાનપૂર્વક વાંચી લઇ પૂર્ણ વિચારણા કરી અરજી કરવી. જે વિદ્યાર્થીઓ પી.એચ.ડી. અધવચ્ચે છોડી દેશે કે સૂચવેલા નિયમોનો ભંગ કરશે તો સમગ્ર રકમ વ્યાજ સાથે પરત કરવાની રેહશે. સ્ક્રૂટીની કમિટીનો નિર્ણય અંતિમ ગણાશે. વધુ માહિતી માટે અરજીકર્તા વિદ્યાર્થીઓ કામકાજના દિવસોમાં હેલ્પલાઇન નં. ૯૯૭૯૨૦૦૧૫૨ પર અથવા shodhsupport-kcg@gujgov.edu.in ઈમેઈલ પર સંપર્ક કરી શકે છે.

ક્રમાંક/સંમાનિ/અમદ/ ૧૫૨૯ /૨૦૨૫

સીઈઓ, કેસીજી

"SHODH" (ScHeme Of Developing High quality research)

ગુજરાત સરકાર

શિક્ષણ વિભાગ

ઠરાવ ક્રમાંક:બજટ/૨૦૧૯/ન.બા.૬૪૭/ખ-૧

સચિવાલય,ગાંધીનગર

તા. ૦૫/૦૮/૨૦૧૯

આમુખ:

ગુજરાત રાજ્યમાં ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે વિદ્યાર્થીઓને ગુણવત્તાયુક્ત સંશોધન માટે પ્રોત્સાહન પૂરૂ પાડવા માટે ગુજરાત સરકાર હંમેશા પ્રયત્નશીલ છે. સંશોધન અને નવીનીકરણ વિશ્વના, દેશના, રાજ્યના, સમાજના વિકાસ માટે ખુબ જ મહત્વનો ભાગ ભજવે છે. સાંપ્રત સમયમાં સંશોધન અને નવીનીકરણ વગર દેશનો અને રાજ્યનો વિકાસ કરવો લગભગ અશક્ય છે. સંશોધન અને નવીનીકરણને જો શિક્ષણ સાથે સાંકળવામાં આવે તો સૌથી વધુ ફાયદો યુનિવર્સિટી અને કોલેજોમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ મેળવી શકશે. દેશમાં અને રાજ્યમાં આવેલ યુનિવર્સિટીઓ હંમેશા સંશોધન ક્ષેત્રે કેન્દ્ર સ્થાને રહેલ છે. આજના સાંપ્રત સમયમાં રીસર્ચ, ઇનોવેશન, વૈજ્ઞાનિક અને ટેકનોલોજીકલ ઉપકરણોની વૃદ્ધિ થયેલ હોવાથી વિદ્યાર્થીઓ પણ અદ્યતન માહિતી સાથે સજ્જ રહે તે જરૂરી છે. આ માટે દરેક માન્ય સરકારી/સેકટોરલ/ખાનગી યુનિવર્સિટીઓ ખાતે સંશોધન માટે પી.એચ.ડી. નો કોર્સ ચલાવવામાં આવે છે. વિદ્યાર્થીઓને ગુણવત્તાયુક્ત સંશોધન માટે પી.એચ.ડી.ની ડિગ્રી પ્રાપ્ત કરવા માટે આર્થિક સહાય મળવાથી આવક કે નાણાંકીય ઉપાર્જન કરવાનો પ્રશ્ન રહેશે નહીં. આ આર્થિક સહાય દ્વારા તેઓ જરૂરી પુસ્તકો અને નાના ઈક્વિપમેન્ટની ખરીદી કરી શકે છે તથા ટ્રાવેલ અને ફિલ્ડ વર્ક કરી અલગ અલગ સ્થળે રૂબરૂ મુલાકાત લઇ ગુણવત્તાયુક્ત પી.એચ.ડી. માટે થીસીસ રજુ કરી શકશે. આથી રાજ્યમાં વધુમાં વધુ વિદ્યાર્થીઓ ઉચ્ચ કક્ષાના ગુણવત્તાયુક્ત સંશોધન માટે પ્રેરાય અને પી.એચ.ડીના કોર્સમાં પ્રવેશ મેળવે તે માટે સરકારશ્રી દ્વારા પી.એચ.ડી. કરતા વિદ્યાર્થીઓને રીસર્ચ માટે સ્ટાઇપેંડ તથા અન્ય સહાય કરવાનું વિચારણા હેઠળ હતું.

પુખ્ત વિચારણાને અંતે રાજ્યમાં આવેલી માન્ય યુનિવર્સિટીઓમાં પી.એચ.ડી. કોર્સમાં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓ પૈકી ગુણવત્તાયુક્ત સંશોધન કરનાર વિદ્યાર્થીઓને આર્થિક સહાય

પૂરી પાડવા "SHODH" (ScHeme Of Developing High quality research) યોજના અમલમાં મુકવામાં આવે છે અને તે અંતર્ગત નીચે મુજબ ઠરાવવામાં આવે છે:

ઠરાવ:

૧. આ યોજનાનું નામ "SHODH" (ScHeme Of Developing High quality research) યોજના રહેશે.

૨. આ યોજના અંતર્ગત રાજ્યમાં આવેલ માન્ય સરકારી/સેકટોરલ/ખાનગી યુનિવર્સિટીઓમાં પી.એચ.ડી. કોર્સમાં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓને પ્રતિ માસ રૂ. ૧૫,૦૦૦ નું સ્ટાઇપેંડ અને વાર્ષિક રૂ. ૨૦,૦૦૦ અન્ય આનુષંગિક ખર્ચ પેટે વધુમાં વધુ ૦૨ વર્ષ સુધી મળવાપાત્ર રહેશે.

૩. અન્ય આનુષંગિક ખર્ચ પેટે મળવાપાત્ર વાર્ષિક રકમ રૂ. ૨૦,૦૦૦ માંથી વિદ્યાર્થીઓ પૂસ્તકોની ખરીદી, નાના ઈક્વિપમેન્ટની ખરીદી, ટ્રાન્સપોર્ટેશન, વગેરે માટે કરી શકશે. આ માટે વિદ્યાર્થીએ થયેલ ખરેખર ખર્ચના બીલ પી.એચ.ડી. ગાઈડ દ્વારા પ્રમાણિત કર્યા બાદ કેસીજી ખાતે મોકલી આપવાના રહેશે. કેસીજી દ્વારા પ્રમાણિત બિલોની ચકાસણી બાદ ખરેખર ખર્ચની રકમ વાર્ષિક રૂ. ૨૦,૦૦૦ની મર્યાદામાં ચુકવવામાં આવશે.

૪. આ યોજના અંતર્ગત સહાય મેળવવા માટેના પાત્રતાના ધોરણો નીચે મુજબ રહેશે:

1. વિદ્યાર્થીએ કોઈપણ વિદ્યાશાખામાં સ્નાતક અને અનુસ્નાતક કક્ષાએ ઓછામાં ઓછા ૫૫% (ગ્રેસીંગ અને રાઉન્ડ ઓફ કર્યા સિવાય) મેળવેલ હોવા જોઈએ. જેમાં એસ.સી/એસટી. કેટેગરીના વિદ્યાર્થીઓને ૫% (ગ્રેસીંગ અને રાઉન્ડ ઓફ કર્યા સિવાય) ની છુટછાટ મળવાપાત્ર રહેશે.
2. વિદ્યાર્થીએ ગુજરાતની માન્ય સરકારી, સેકટોરલ, અથવા ખાનગી યુનિવર્સિટી અથવા રીસર્ચ સંસ્થામાં પી.એચ.ડી. કોર્સમાં રેગ્યુલર ફુલ ટાઈમ મોડમાં તા.૧/૭/૨૦૧૮ પછી પ્રવેશ નિશ્ચિત કરાવેલ હોવો જોઈએ. રાષ્ટ્રિય કક્ષાની સંસ્થાઓના વિધાર્થીઓને આ લાભ મળશે નહી.
3. વિદ્યાર્થીએ રાષ્ટ્રીય કે રાજ્ય કક્ષાની અન્ય કોઈપણ સંશોધન શિષ્યવૃત્તિ (જેમકે યુજીસી રીસર્ચ ગ્રાન્ટ, રાજીવ ગાંધી ડોકટોરલ ફેલોશીપ, મૌલાના આઝાદ ડોકટોરલ ફેલોશીપ, ICSSR/ICAR/CSIR/ ICPR/ICMR/ICHR કે અન્ય કોઈ સ્કોલરશીપ) મેળવેલ હશે તો આ યોજના અંતર્ગત સહાય મેળવવા પાત્ર રહેશે નહી.

4. વિદ્યાર્થી કોઈપણ સંસ્થા ખાતે કોઈ પણ રીતે કામગીરી બજાવતો કે આવક મેળવતો ન હોવો જોઈએ.
5. કોઈપણ વિદ્યાર્થી જો રાજ્યની સરકારી/ખાનગી/સેકટોરલ યુનિવર્સિટીમાં ફુલ ટાઈમ પી.એચ.ડી. કરતો હોય અને તેની કોઈ આવક/પગાર ન હોય તો તે પણ આ યોજના નીચે સમાવિષ્ટ રહેશે.
6. પી.એચ.ડી. રજીસ્ટ્રેશન યુ.જી.સી.ના પ્રવર્તમાન ધારાધોરણ મુજબ થયેલ હોવું જોઈએ.

૫. આ યોજના હેઠળ ગુણવત્તાયુક્ત સંશોધનો કરતાં ઉમેદવારો નક્કી કરવા માટે નીચે મુજબની સ્ક્રુટીની કમિટીની રચના કરવામાં આવશે.

1. ઇન્ડિયન ઇન્સ્ટીટયુટ ઓફ મેનેજમેન્ટ, અમદાવાદ માંથી નિયુક્ત થયેલ એક પ્રતિનિધિ- સભ્ય
2. ઇન્ડિયન ઇન્સ્ટીટયુટ ઓફ ટેકનોલોજી, ગાંધીનગર માંથી નિયુક્ત થયેલ એક પ્રતિનિધિ- સભ્ય
3. ફીજીકલ રીસર્ચ લેબોરેટરી, અમદાવાદ માંથી નિયુક્ત થયેલ એક પ્રતિનિધિ- સભ્ય
4. ગુજરાતના બે શિક્ષણવિદ્
5. કેસીજીના અધિકારી- મેમ્બર સેક્રેટરી

૬. નોલેજ કોન્સોર્ટિયમ ઓફ ગુજરાત, અમદાવાદ દ્વારા નક્કી કરવામાં આવેલ ધારાધોરણો અનુસાર સ્ક્રુટીની કમિટી કામગીરી કરશે.

૭. નોલેજ કોન્સોર્ટિયમ ઓફ ગુજરાત, અમદાવાદ દ્વારા મંજુર થયેલ અરજદારોને મળવાપાત્ર સહાયની રકમ વિદ્યાર્થીઓના બેન્ક એકાઉન્ટમાં સીધી જમા (DBT) કરવાની રહેશે.

૮. સહાય મેળવનાર વિદ્યાર્થી સામે યુનિવર્સિટી/સંસ્થાના નીતિ નિયમો અથવા નૈતિક ધોરણો પ્રમાણે ગંભીર શિસ્ત વિષયક કાર્યવાહી થઇ હશે તો આવો વિદ્યાર્થી સહાય મેળવવા માટે અથવા ચાલુ રાખવા માટે ગેરલાયક ઠરશે. જે કોઈ વિદ્યાર્થી ખોટી વિગતો, ખોટું આવકનું પ્રમાણપત્ર મેળવીને કે અન્ય કોઈ રીતે ખોટી વિગતો રજુ કરીને કે છેતરપિંડીથી સહાય મેળવેલ હશે તેવું પ્રસ્થાપિત થતા વિદ્યાર્થી પાસેથી સહાયની તમામ રકમ ૧૮%ના દંડનીય વ્યાજ સહિત પરત લેવાની રહેશે. આ ઉપરાંત તેની સામે કાયદેસરની કાર્યવાહી માટે પગલાં કેસીજી દ્વારા લેવામાં આવશે.

૯. જો કોઈ વિદ્યાર્થી ઉક્ત સહાય મેળવ્યા બાદ પી.એચ.ડી. અધૂરું છોડી દે અથવા જો વિદ્યાર્થી ૦૬ માસથી વધુ ગેરહાજર રહેશે તો તેણે લીધેલી તમામ રકમ ૧૨%ના દંડનીય વ્યાજ સહિત પરત કરવાની રહેશે.

૧૦. વિદ્યાર્થીની યુનિવર્સિટીના જે તે વિભાગમાં નિયમિત રીતે ઓછામાં ઓછા ૭૫% હાજરી હોવી જોઈએ. આ અંગે વિભાગના હેડ ઓફ ડિપાર્ટમેન્ટ (HOD) અને પી.એચ.ડી. ગાઈડનું પ્રમાણપત્ર દરેક માસના તથા દરેક સત્રના અંતે જમા કરાવવાનું રહેશે. વિદ્યાર્થીએ મોબાઇલ એટેન્ડન્સ સિસ્ટમ (MAS) અંતર્ગત તેની હાજરી માર્ક કરવાની રહેશે. દર માસના અંતે વિદ્યાર્થીની ઓછામાં ઓછી ૭૫% હાજરી થવી જરૂરી છે.

૧૧. ગંભીર બીમારી અથવા અન્ય કોઈ અનિવાર્ય કારણોસર વિદ્યાર્થીના ગાઈડની પૂર્વ મંજુરીથી જ વિદ્યાર્થીની રજા ગાઈડ દ્વારા મંજુર કરવામાં આવશે.

૧૨. વિદ્યાર્થીએ ગાઈડ અને જે તે વિભાગના એચ.ઓ.ડી.નો સંતોષકારક કામગીરી માટેનો સતત મૂલ્યાંકન અહેવાલ (Continuous Evaluation Report) દર માસે જમા કરાવવાનો રહેશે. સંતોષકારક મૂલ્યાંકન અહેવાલ કેસીજી ખાતે જમા કરાવ્યા બાદ તેની પ્રમાણભૂતતા ચકાસીને જ સહાયની રકમ મળવાપાત્ર રહેશે.

૧૩. વિદ્યાર્થીએ યુનિવર્સિટી કક્ષાએ નિયમિત સમયાંતરે યોજાતી રિસર્ચ ડેવલપમેન્ટ કમિટિ (RDC)માં રજૂ કરેલ પ્રોગ્રેસ રિપોર્ટ રિસર્ચ ડેવલપમેન્ટ કમિટિ (RDC) થયા બાદ દિન-૧૫માં જમા કરાવવાનો રહેશે.

૧૪. અરજીની પ્રક્રિયા:

1. આ યોજના અંતર્ગત ઠરાવમાં દર્શાવેલ લઘુત્તમ લાયકાત ધરાવતા અને યોજનાનો લાભ મેળવવા ઈચ્છતા વિદ્યાર્થીએ નિયત નમુનામાં નિશ્ચિત કરવામાં આવેલ ધારાધોરણો અનુસાર ઓનલાઈન અરજી કરવાની રહેશે.
2. વિદ્યાર્થીએ યુનિવર્સિટી વિભાગના હેડ ઓફ ડિપાર્ટમેન્ટ (HOD) અને ગાઈડનું ઓથોરાઈઝડ પ્રમાણપત્ર નિયત નમુનામાં રજુ કરવાનું રહેશે. જે તે યુનિવર્સિટીના નોડલ ઓફિસર દ્વારા આવેલ અરજીઓની ચકાસણી કરી વિદ્યાર્થીને આ યોજના માટે સહાય પ્રાપ્ત કરવા અંગે ક્વોલીફાય/ડીસ્ક્વોલીફાય કરવાનો રહેશે.
3. યુનિવર્સિટીના નોડલ ઓફિસર દ્વારા ક્વોલીફાય કરવામાં આવેલ વિદ્યાર્થીઓની અરજીઓ કેસીજી ખાતે ઓનલાઈન મોકલવામાં આવશે. તથા કેસીજી દ્વારા ક્વોલીફાય થયેલ વિદ્યાર્થીઓની અરજીઓ સ્ક્રુટીની કમિટી સમક્ષ રજુ કરવામાં આવશે.

4. સ્ક્રુટીની કમિટી દ્વારા અરજીઓના વિષયવસ્તુ અને ઉચ્ચ ગુણવત્તાના આધારે અરજીઓ મંજુર/નામંજૂર કરવામાં આવશે તથા મંજુર થયેલ અરજીઓને સહાયની રકમ ફાળવવા માટે કેસીજીને ભલામણ કરવામાં આવશે.
5. કમિટી દ્વારા મંજુર/માન્ય કરવામાં આવેલ વિદ્યાર્થીને જ આ યોજના અંતર્ગત સહાય મળવાપાત્ર થશે.
6. કેસીજી ખાતેના એકમને મળેલ ઓનલાઈન અરજીઓની ચકાસણી અને મંજુરી સ્ક્રુટીની કમિટી દ્વારા કરવામાં આવશે. સ્ક્રુટીની કમિટી દ્વારા સરકારશ્રીની પરામર્શમાં રહી નિયત કરાયેલ ધારાધોરણો સંતોષતા વિદ્યાર્થીઓને સહાયની ચુકવણી કેન્દ્રીયકૃત ધોરણે કરવાની રહેશે.

૧૫. યોજનાનું અમલીકરણ:

1. આ યોજના અંતર્ગત નોડલ એજન્સી તરીકે નોલેજ કોન્સોર્ટિયમ ઓફ ગુજરાત (કેસીજી), અમદાવાદે કાર્યવાહી કરવાની રહેશે. આ માટે કેસીજી કચેરી ખાતે સ્ટાફ સહીત અલાયદું એકમ ઉભું કરવાનું રહેશે.
2. આ યોજના અંતર્ગત ગુણવત્તાયુક્ત સંશોધન માટે પી.એચ.ડી. કરવા માટે આપવાની થતી સહાય અંગેની નાણાંકીય જોગવાઈ તથા સંબંધિત તમામ વહીવટી કાર્યવાહી નોલેજ કોન્સોર્ટિયમ ઓફ ગુજરાત, અમદાવાદ દ્વારા કરવાની રહેશે.
3. કેસીજી ખાતે કાર્યરત થનાર એકમ દ્વારા નેશનલ ઇન્ફોર્મેટીક્સ સેન્ટરના પરામર્શમાં વેબ પોર્ટલ બનાવડાવી પાત્રતા ધરાવતા વિદ્યાર્થીઓ પાસેથી ઓનલાઈન અરજીઓ જરૂરી દસ્તાવેજો સહીત મંગાવવાની રહેશે.
4. આ યોજના હેઠળ રાજ્યભરમાં આવેલી યુનિવર્સિટીઓ ખાતે નિયુક્ત કરેલ હેલ્પ સેન્ટરો મારફતે કેસીજી ખાતે પોર્ટલ ઉપર ઓનલાઈન અરજીઓ મંગાવવાની રહેશે. યુનિવર્સિટી-સંસ્થાઓ- હેલ્પ સેન્ટરો સાથેના તથા વિદ્યાર્થીઓની સહાય સંબંધિત રજુઆતોને લગતા તમામ પત્રવ્યવહાર કેસીજી ખાતેના સેલમાં કરવાના રહેશે.

૧૬. આ યોજના હેઠળ રાજ્ય સરકાર દ્વારા સહાય માટે વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની રકમનું કેસીજી દ્વારા જી.એસ.એફ.એસ. માં રોકાણ કરવાનું રહેશે.

૧૭. આ યોજના હેઠળ ફાળવવામાં આવતી ગ્રાન્ટ એકત્રિત નિધિ તરીકે ગણવાની રહેશે. વહીવટી કામગીરી માટે "SHODH" (<u>S</u>c<u>H</u>eme <u>O</u>f <u>D</u>eveloping <u>H</u>igh quality research)

યોજના (માઇનોર રીસર્ચ ગ્રાન્ટ પ્રોજેક્ટ) ની દરેક વર્ષની બજેટ જોગવાઈના ૧% (એક ટકા)ની રકમ કેસીજીની કચેરીને આ નિધિ અને તેના વ્યાજમાંથી થયેલ ખરેખર ખર્ચની મર્યાદામાં મળવાપાત્ર રહેશે. જેનો ખર્ચ યોજનાને લગતી આનુષંગિક કામગીરી માટે કરવાનો રહેશે.

૧૮. આ યોજનાનો અમલ ઠરાવની તારીખથી કરવાનો રહેશે.

ગુજરાત રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

રોનક મહેતા

(રોનક મહેતા)
નાયબ સચિવ
શિક્ષણ વિભાગ

પ્રતિ,

- ઉચ્ચ શિક્ષણ નિયામકશ્રી, ઉચ્ચ શિક્ષણ નિયામકશ્રીની કચેરી, બ્લોક નં. ૧૨/૨, ડૉ. જીવરાજ મહેતા ભવન, સચિવાલય, ગાંધીનગર
- એડવાઇઝરશ્રી,કે.સી.જી. કચેરી, "પ્રજ્ઞાપુરમ" કેમ્પસ, એલ.ડી. એન્જિનીયરીંગ કોલેજ પાસે, અમદાવાદ
- એકાઉન્ટ જનરલ અમદાવાદ/રાજકોટ
-પગાર અને હિસાબી અધિકારીશ્રી અમદાવાદ/ગાંધીનગર
-નાણા શાખા, શિક્ષણ વિભાગ, સચિવાલય,ગાંધીનગર
-બજેટ શાખા, શિક્ષણ વિભાગ, સચિવાલય,ગાંધીનગર
-સિલેકટ ફાઇલ.

“SHODH”(ScHeme Of Developing High quality research)

ગુજરાત સરકાર

શિક્ષણ વિભાગ

ઠરાવ ક્રમાંક:બજટ/૨૦૧૯/ન.બા.૬૪૭/ખ-૧

સચિવાલય,ગાંધીનગર

તા. ૦૭/૦૧/૨૦૨૧

**વંચાણે લીધા:-** ૧. શિક્ષણ વિભાગનો તા. ૦૫/૦૮/૨૦૧૯નો સમાનાંકી ઠરાવ

૨. કે.સી.જી. નો તા.૦૫/૧૨/૨૦૨૦નો પત્ર ક્રમાંક નં.કેસીજી/૦૨૦-૨૧/૨૧૯૫

**આમુખ:-**

શિક્ષણ વિભાગના વંચાણ-૧ના ઠરાવથી માઈનોર રીસર્ચ ગ્રાન્ટ પ્રોજેક્ટ અંતર્ગત ગુજરાત રાજ્યમાં ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે વિદ્યાર્થીઓને સંશોધન માટે પ્રોત્સાહન પૂરૂ પાડવા માટે પી.એચ.ડી.ના વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ/સહાય આપવાની યોજના- “SHODH”(ScHeme Of Developing High quality research) શૈક્ષણિક વર્ષ-૨૦૧૯-૨૦થી અમલમાં મુકવામાં આવેલ છે. જેમાં પાત્રતાના ધોરણો અંગેની હાલની જોગવાઇ ક્રમાંક ૪(૧)માં સુધારો કરવાનુ સરકારશ્રીની વિચારણા હેઠળ હતુ.

**સુધારા ઠરાવ:-**

આથી પુખ્ત વિચારણાને અંતે વંચાણ-૧ના ઠરાવના પેરા-૪(૧)માં હાલની જોગવાઇના સ્થાને નીચેના કોઠા મુજબની સુધારેલ જોગવાઈ કરવામાં આવે છે.

| ક્રમ | તા.૦૫/૦૮/૨૦૨૦ના ઠરાવના પેરા(૪) (૧)ની હયાત જોગવાઈ | તા.૦૫/૦૮/૨૦૨૦ના ઠરાવના પેરા(૪) (૧)માં સુધારેલ જોગવાઈ |
|---|---|---|
| તા.૦૫/૦૮/૨૦૨૦ના ઠરાવનો પેરા(૪) (૧) | વિદ્યાર્થીઓએ કોઈ પણ શાખામાં **સ્નાતક અને અનુસ્નાતક કક્ષાએ** ઓછામાં ઓછા ૫૫% (ગ્રેસિંગ અને રાઉન્ડઓફ કર્યા સિવાય) મેળવેલ હોવા જોઈએ.<br>જેમાં **એસ.સી./એસ.ટી. કેટેગરીના વિદ્યાર્થીઓને** ૫% (ગ્રેસિંગ અને રાઉન્ડઓફ કર્યા સિવાય) ની છુટછાટ મળવા પાત્ર રહેશે. | વિદ્યાર્થીઓએ કોઈ પણ શાખામાં **અનુસ્નાતક કક્ષાએ** ઓછામાં ઓછા ૫૫% (ગ્રેસિંગ અને રાઉન્ડઓફ કર્યા સિવાય) મેળવેલ હોવા જોઈએ. જેમાં **એસ.સી./એસ.ટી./ઓ.બી.સી. (નોનક્રીમિલેયર)/ડિફરન્ટલી એબલ્ડ અને અન્ય કેટેગરીના વિદ્યાર્થીઓને પણ** ૫% (ગ્રેસિંગ અને રાઉન્ડઓફ કર્યા સિવાય)ની છુટછાટ મળવા પાત્ર રહેશે. |

વંચાણ-૧ના તા.૦૫/૦૮/૨૦૨૦ના ઠરાવની અન્ય જોગવાઈઓ યથાવત્ રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(બી.એસ.પરમાર)

ઉપસચિવ

શિક્ષણ વિભાગ

3045
Knowledge Consortium of Gujarat
Receipt Date: 18/01/21

શિક્ષણ વિભાગ, ગુજરાત સરકાર

---

**<u>સ્કીમ ઓફ ડેવલપીંગ હાઈ ક્વોલિટી</u>**

**<u>રિસર્ચ (શોધ)</u>**

# સ્ટાઇપેંડ ફાળવણી અંગેના નિયમો અને સ્પષ્ટતાઓ

# શિક્ષણ વિભાગ, ગુજરાત સરકાર

## સ્કીમ ઓફ ડેવલપીંગ હાઈ ક્વોલિટી રિસર્ચ (શોધ)

### અનુક્રમણિકા


| ક્રમ | વિગત | પાના નં. |
|---|---|---|
| ૧ | સ્ટાઇપેંડ ફાળવણી અંગેના નિયમો અને સ્પષ્ટતાઓ | ૧ |
| ૨ | શોધ યોજના અંતર્ગત વિદ્યાર્થીઓ માટે રજાના નિયમો | ૯ |
| ૩ | શોધ યોજના હેઠળ પસંદગી પામેલ વિદ્યાર્થીઓએ માસિક હાજરી રિપોર્ટ, સતત મૂલ્યાંકન અહેવાલ અને પ્રોગ્રેસ રિપોર્ટ જમા કરાવવા માટેની સૂચનાઓ | ૧૧ |
| ૪ | શોધ યોજના હેઠળ પસંદગી પામેલ વિદ્યાર્થીઓ માટે આનુષંગિક ખર્ચ (કન્ટીજન્સી) અંગેની સૂચનાઓ | ૧૩ |
| ૫ | શોધ યોજનામાં મળેલ સ્ટાઇપેન્ડ પરત કરવા માટે અગત્યની સૂચનાઓ/નિયમો | ૧૫ |
| ૬ | Annexures | |

# સ્કીમ ઓફ ડેવલપીંગ હાઈ ક્વૉલિટી રિસર્ચ (શોધ)

## સ્ટાઇપેંડ ફાળવણી અંગેના નિયમો અને સ્પષ્ટતાઓ

શિક્ષણ વિભાગનો તા.૦૫-૦૮-૨૦૧૯ ઠરાવ ક્રમાંક:બજટ/૨૦૧૯/ન.બા.૬૪૭/ખ-૧ દ્વારા રાજ્યમાં આવેલી માન્ય યુનિવર્સિટીઓમાં પીએચ.ડી. કોર્સમાં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓ પૈકી ગુણવત્તાયુક્ત સંશોધન કરનાર વિદ્યાર્થીઓને આર્થિક સહાય પૂરી પાડવા "શોધ" (ScHeme Of Developing High quality research) યોજના શરૂ કરવામાં આવેલ છે. આ યોજનાથી વિદ્યાર્થીઓને ગુણવત્તાયુક્ત સંશોધન માટે પીએચ.ડી.ની ડિગ્રી પ્રાપ્ત કરવા માટે સરકારની આ મહત્વલક્ષી આર્થિક સહાય મળવાથી આવક કે નાણાંકીય ઉપાર્જન કરવાનો પ્રશ્ન રહેશે નહીં. આ આર્થિક સહાય દ્વારા તેઓ જરૂરી પુસ્તકો અને નાના ઈક્વિપમેન્ટની ખરીદી કરી શકે છે તથા ટ્રાવેલ અને ફિલ્ડ વર્ક કરી અલગ અલગ સ્થળે રૂબરૂ મુલાકાત લઇ ગુણવત્તાયુક્ત પીએચ.ડી. માટે થીસીસ રજુ કરી શકશે. જેના કારણે રાજ્યમાં વધુમાં વધુ વિદ્યાર્થીઓને ઉચ્ચ કક્ષાના ગુણવત્તાયુક્ત સંશોધન માટે પ્રેરણા મળશે અને પીએચ.ડી.ના કોર્સમાં પ્રવેશ મેળવશે. રાજ્યમાં આવેલી માન્ય સરકારી, સેકટોરલ અને ખાનગી યુનિવર્સિટી ખાતે પીએચ.ડી. કોર્સમાં રેગ્યુલર ફુલ ટાઈમ મોડમાં તા.૦૧/૦૭/૨૦૧૮ પછી પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓ કે જેઓ ઠરાવની જોગવાઈ અનુસાર પાત્રતા ધરાવતા હોય તેઓ આ યોજના અંતર્ગત સહાય મેળવવા અરજી કરી શકે છે.

### નાણાકીય સહાય:

- આ યોજના અંતર્ગત રાજ્યની માન્ય યુનિવર્સિટીમાં ગુણવત્તાયુક્ત સંશોધન કરતા વિદ્યાર્થીને અરજી મંજુર થયા પછી બે વર્ષ સુધી દર મહિને રૂ.૧૫,૦૦૦ સ્ટાઈપેન્ડ પેટે બે વર્ષ સુધી નિયમો અનુસાર રૂ.૩,૬૦,૦૦૦ની સહાય આપવામાં આવશે.
- આ ઉપરાંત પીએચ.ડી.ના વિદ્યાર્થીને આનુષંગિક ખર્ચ માટે નિયમો અનુસાર વાર્ષિક ૨૦,૦૦૦ રૂપિયા આપવામાં આવશે.
- આમ, વર્ષે કુલ બે લાખ રૂપિયા પ્રમાણે સંશોધકને બે વર્ષના અંતે રૂ. ૪,૦૦,૦૦૦ (ચાર લાખ) રૂપિયાની સહાય આપવામાં આવશે.

# શોધ અરજીઓ અંગેની સમગ્ર પ્રક્રિયાની પદ્ધતિ:

૧.
તારીખની જાહેરાત થતાં મૂકેલ નમૂનામાં વિદ્યાર્થીઓ દ્વારા છેલ્લી તારીખ પહેલા ઓનલાઈન અરજી

→

૨.
નિયત સમયમર્યાદામાં વિદ્યાર્થીઓ દ્વારા ઓનલાઇન ડોક્યુમેન્ટ્સ અપલોડ કરવા. પોર્ટલ પર અરજી લોક કર્યા પછી તેમાં કોઈ પણ પ્રકારનો સુધારો થઇ શકશે નહિ.

→

૩.
યુનિવર્સિટી નોડલ ઓફિસર દ્વારા તમામ દસ્તાવેજોની ઓરીજનલ સાથે ચકાસણી

→

૪.
યુનિવર્સિટી દ્વારા મંજુર થયેલ યાદી કેસીજીને સુપ્રત કરવામાં આવશે

→

૫.
કેસીજી દ્વારા તમામ અરજીઓનું વિષય અનુસાર તુરંત વર્ગીકરણ અને ચકાસણી

→

૬.
કેસીજી દ્વારા ચકાસેલ અરજીઓનું સ્ક્રુટીની સમિતિ દ્વારા મૂલ્યાંકન અને મંજૂરી

→

૭.
મંજૂર થયેલ અરજીઓના સ્ટાઈપેન્ડની કેસીજી દ્વારા ફાળવણી

→

૮.
મંજૂર કરવામાં આવેલ વિદ્યાર્થીઓએ દર મહીને હાજરી અને પ્રોગ્રેસ રીપોર્ટ ફરજીયાત અપલોડ કરવાના રહેશે

→

૯.
હાજરી/અન્ય બાબતો /પ્રશ્નો અંગે કેસીજી દ્વારા સતત માર્ગદર્શન

# શોધ માટે પ્રક્રિયા અને નિયમો:

1. રાજ્યમાં આવેલી માન્ય સરકારી, સેકટોરલ અને ખાનગી યુનિવર્સિટી ખાતે પીએચ.ડી. કોર્સમાં રેગ્યુલર ફુલ ટાઈમ મોડમાં તા. ૦૧/૦૭/૨૦૧૮ પછી પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓ કે જેઓ નીચે મુજબની પાત્રતા ધરાવતા હોય તેઓ આ યોજના અંતર્ગત અરજી કરી શકે છે.
   I. વિદ્યાર્થીએ કોઈ પણ વિદ્યાશાખામાં અનુસ્નાતક કક્ષાએ ઓછામાં ઓછા ૫૫% (ગ્રેસીંગ અને રાઉન્ડ ઓફ કર્યા સિવાય) મેળવેલ હોવા જોઈએ. એસસી./એસ.ટી./ઓબીસી (નોન-ક્રીમીલેયર)/ડિફરન્ટલી એબ્લ્ડ કેટેગરીના વિદ્યાર્થીઓને ૦૫% (ગ્રેસીંગ અને રાઉન્ડ ઓફ કર્યા સિવાય)ની છૂટછાટ મળવાપાત્ર રહેશે. બાકીની ઓછા ટકા ધરાવતી અરજીઓ આપોઆપ રદ્દ ગણાશે.
   II. વિદ્યાર્થીએ ગુજરાત સરકાર અને યુજીસી દ્વારા માન્ય સરકારી, સેક્ટોરલ અથવા ખાનગી યુનિવર્સિટી અથવા રીસર્ચ સંસ્થામાં પીએચ.ડી. કોર્સમાં રેગ્યુલર ફુલ ટાઈમ મોડમાં તા.૦૧-૦૭-૨૦૧૮ પછી પ્રવેશ નિશ્ચિત કરાયેલ હોવો જોઈએ. રાષ્ટ્રીય કક્ષાની સંસ્થાઓના વિદ્યાર્થીઓને આ લાભ મળશે નહીં. કારણ કે તેમના માટે કેન્દ્ર સરકાર વ્યવસ્થા કરે છે.
   III. વિદ્યાર્થીએ રાષ્ટ્રીય કે રાજ્ય કક્ષાની અન્ય કોઈપણ સંશોધન શિષ્યવૃત્તિ જેમકે યુજીસી રીસર્ચ ગ્રાન્ટ, રાજીવ ગાંધી ડોક્ટોરલ ફેલોશિપ, મૌલાના આઝાદ ડોક્ટોરલ ફેલોશિપ, ICSSR/ ICAR/ CSIR/ ICPR/ ICMR/ ICHR કે અન્ય સામાજિક સંસ્થાઓ/મંડળો વગેરે પ્રકારની કોઈ પણ સ્કોલરશીપ મેળવેલ હશે તો આ યોજના અંતર્ગત સહાય મેળવવા પાત્ર રહેશે નહીં.
   IV. વિદ્યાર્થી કોઈપણ સંસ્થા ખાતે કોઈપણ રીતે કામગીરી બજાવતા કે ધંધાકીય અથવા અન્ય આવક મેળવતા ન હોવા જોઈએ. કારણ કે વિદ્યાર્થીએ પોતાની સંસ્થામાં ફૂલ ટાઇમ હાજર રહેવાનું છે. (માહિતી છુપાવી કોઈ પણ વિદ્યાર્થી પાર્ટટાઇમ રોજગારી/ધંધો કરી આવક મેળવતા હશે અને તપાસ કે માહિતીના આધારે સાબિત થશે તો જ્યારથી રકમ ચૂકવવામાં આવી હશે તે તારીખથી તમામ રકમ તે પછી ભલે ચાર લાખ રૂપિયા હોય ૧૮% વ્યાજ સાથે પરત કરવાની રહેશે. આ ઉપરાંત એફ.આઈ.આર. નોંધી ફરિયાદ સાથે કાયદેસરનાં કાયદાકીય પગલાં લેવામાં આવશે.)
   V. કોઈપણ વિદ્યાર્થી જો રાજ્યની સરકારી/ ખાનગી/ સેક્ટોરલ યુનિવર્સિટીમાં ફુલ ટાઈમ પીએચ.ડી. કરતો હોય અને તેની કોઈ પણ આવક/પગાર ન હોય તો તે પણ આ યોજના નીચે સમાવિષ્ટ રહેશે.

VI. પીએચ.ડી. રજીસ્ટ્રેશન યુ.જી.સી. તથા યુનિવર્સિટીના પ્રવર્તમાન ધારાધોરણ મુજબ માન્ય થયેલ યુનિવર્સિટીમાં થયેલ હોવું જોઈએ અને યુનિવર્સિટીને માન્યતા પત્ર મળેલ હોવો જોઈએ. યુજીસી માન્યતા ન ધરાવતી સંસ્થાના વિદ્યાર્થીઓ સ્કોલરશીપ મળવાપાત્ર નથી.

VII. ક્રમ ૧ થી ૬ મુજબના મંજૂરી અને પાત્રતાના ધોરણો સ્ક્રુટીની સમિતિ દ્વારા અરજી મંજુર કરવામાં આવે તે સમયથી શરૂ કરીને યોજનાના સંપૂર્ણ સમયગાળા (વધુમાં વધુ બે વર્ષ) દરમિયાન લાગુ થશે. આ ધોરણોનો અથવા કોઈ પણ એક ધોરણનો જો સંપૂર્ણ સમયગાળા દરમિયાન ગમે ત્યારે ભંગ થાય તો પણ અરજદાર તેની માન્યતાની પાત્રતા મંજુરીની તારીખથી જ ગુમાવે છે તેથી પ્રથમથી એલીજીબીલીટી ગુમાવતા અમાન્ય બને છે અને તમામ રકમ પ્રથમથી જ ૧૮% સાથે પરત કરવાની રહે છે.

2. દરેક યુનિવર્સિટી શોધ યોજના માટે નોડલ અધિકારી તરીકે એક વરિષ્ઠ અધિકારીની નિમણુક કરશે, જેઓ આ યોજનાના અંતર્ગત વિદ્યાર્થીઓ દ્વારા ઓનલાઈન અરજી વખતે અપલોડ કરેલ દસ્તાવેજોની ઠરાવની જોગવાઈઓ અનુસાર ચકાસણી કરશે અને પ્રથમ તબક્કે નિયમો અનુસાર અરજીઓને માન્ય/અમાન્ય કરશે. તથા યુનિવર્સિટી સ્તરે આ યોજનાની તમામ કામગીરી માટે ન્યાય આપવા જવાબદાર રહેશે.

3. યુનિવર્સિટીના નોડલ ઓફિસર ઓનલાઇન અપલોડ કરેલા દસ્તાવેજો સાથે અરજદારના મૂળ દસ્તાવેજોની ચકાસણી કરશે. દસ્તાવેજ ચકાસણી પ્રક્રિયા તેઓ SSO યુઝર આઈડી અને પાસવર્ડનો ઉપયોગ કરીને ઓનલાઇન કરી શકશે. જરૂર લાગે તો વિદ્યાર્થી પાસેથી જરૂરી માહિતી/દસ્તાવેજ માંગી શકશે.

4. વિદ્યાર્થી દ્વારા નીચેના દસ્તાવેજો (જે મર્યાદિત નથી) યુનિવર્સિટી નોડલ ઓફિસરને ચકાસણી માટે અચૂક જમા કરવાના રહેશે:

   a) શોધ યોજનાનું સંપૂર્ણ વિગતો સાથેનું નિયત નમૂનામાં જ ઓનલાઈન ભરેલ ફોર્મ
   b) સ્વપ્રમાણિત કોપી સાથેનું આધારકાર્ડ
   c) એચ.ઓ.ડી./ ગાઈડ દ્વારા રજુ કરાયેલ બોનાફાઈડ સર્ટીફીકેટ
   d) બેંક ખાતાની વિગતો (પાસબુકના પ્રથમ પેજ પરનું નામ, સરનામું, ફોટો વગેરેનો ઉલ્લેખ કરતી ઉકલી શકે તેવી નકલ અથવા રદ્દ થયેલ ચેકની નકલ) (આ બાબતે ખાસ ચકાસણી કરવી કે આપેલ બેંક ખાતા નંબર સાથે વિદ્યાર્થીનું આધાર કાર્ડ લીંક કરેલું હોય)
   e) SSC/HSC માર્કશીટ અને પ્રમાણપત્ર તથા સ્કૂલ લીવીંગ સર્ટિફિકેટ (LC)
   f) સ્નાતકની માર્કશીટ અને ડિગ્રી પ્રમાણપત્ર
   g) અનુસ્નાતકની માર્કશીટ અને ડિગ્રી પ્રમાણપત્ર
   h) પીએચ.ડી. રજીસ્ટ્રેશન પ્રમાણપત્ર અને ફી રસીદ
   i) એચ.ઓ.ડી/ ગાઈડના સહી સિક્કા વાળું રીસર્ચ પ્રપોઝલ

j) સેલ્ફ ડીકલેરેશન પ્રમાણપત્ર (જેમાં વિદ્યાર્થી એ પ્રકારની ખાતરી એ આપે છે કે તે ફૂલ ટાઇમ રેગ્યુલર મોડમાં પીએચ.ડી કરી રહ્યો/રહી છે અને કોઈ પણ પ્રકારની આવક/સંશોધન માટે સહાય મેળવી રહ્યો/રહી નથી તથા કોઈપણ પ્રકારની નોકરી/કામગીરી કરતો/કરતી નથી, કોઈ પણ રીતે પોતાની આવક મેળવતો નથી અને માત્ર સંશોધન માટે જ વ્યસ્ત છે અને અન્ય કોઈ સંશોધન શિષ્યવૃત્તિ/મદદ/ફંડ કોઈ પણ જગ્યાએથી પ્રાપ્ત કરતો નથી)

k) પ્રિન્સીપાલ/HoD./રજીસ્ટ્રાર કે ઇન્સ્ટીટયુટના ડીરેક્ટર દ્વારા પ્રમાણિત યુનિવર્સિટી આઈડી- કાર્ડ

l) અન્ય જરૂરી દસ્તાવેજ (નોડલ ઓફિસર/એચ.ઓ.ડી./કેસીજીની જરૂરિયાત મુજબ)

m) આ યોજના માટે અરજી કરનાર દરેક વિદ્યાર્થીએ ઉપર દર્શાવેલ દસ્તાવેજો સહીત પોતાના વિષય/ટાઈટલને અનુલક્ષીને ૧૦ પાનાની ટૂંકી નોંધ તથા પીપીટી રજુ કરવી ફરજીયાત છે. જેમાં વિષય/ટાઈટલને લઈ પીએચ.ડી.નું આયોજન સાહિત્ય સર્વે/ગુણવત્તા અને સ્ક્રુટિની સમિતિ જે બાબતનું ધ્યાન રાખવાની છે તે બધી બાબતો ધ્યાને લઈ ઉપયોગી બાબતો નોંધ/રીપોર્ટ/પીપીટીમાં સમાવી લેવી. જેના આધારે ગુણાંકન થઇ શકે. વિદ્યાર્થીએ પોતાની સહી સાથે ગાઈડની સહી અને સિક્કો પણ અચૂક લેવાની રહેશે, અન્યથા અરજી અમાન્ય ગણાશે.

5. જો ઓનલાઇન અરજી અને મૂળ દસ્તાવેજમાં કોઈ વિસંગતતા જણાઈ આવશે, તો યુનિવર્સિટી નોડલ ઓફિસર એ વિદ્યાર્થી પાસેથી તેની સ્પષ્ટતા મંગાવી શકે છે.
6. જો વિદ્યાર્થી જરૂરી પુરાવા સાથે સંતોષકારક જવાબ આપવામાં નિષ્ફળ જાય, તો યુનિવર્સિટી નોડલ ઓફિસર અરજીને નકારી/રદ્દ કરી શકે છે. આ બાબતે પાછળથી કોઈ વાંધા વિરોધ ચાલી શકશે નહિ.
7. વિદ્યાર્થીની દસ્તાવેજ ચકાસણી કરતી વખતે, યુનિવર્સિટી નોડલ અધિકારીએ પાત્રતાના ધોરણો અને શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક:બજટ/૨૦૧૯/ન.બા.૬૪૭/ખ-૧ તા.૦૫/૦૮/૨૦૧૯ની અન્ય આવશ્યક જોગવાઈઓ તથા સમયાનુસાર પરિપત્ર કરેલ સૂચનાઓ અને આ નિયમો/ સ્પષ્ટતાઓ ધ્યાનમાં લઈને જ અરજી મંજૂર કરવાની રહેશે.
8. યુનિવર્સિટી નોડલ ઓફિસર વિદ્યાર્થીઓ સાથે ઇ મેઇલ અને ફોન દ્વારા સંપર્ક કરી શકે છે.
9. યુનિવર્સિટી નોડલ ઓફિસરે કોઈપણ અરજી નામંજૂર કરવાના માન્ય કારણો કેસીજીને અચૂક જણાવવા પડશે. ખોટી રીતે કે પૂરતા દસ્તાવેજ સિવાય મંજુર થયેલ અરજીઓ રજુ થશે તો કેસીજી દ્વારા અમાન્ય કરવામાં આવશે.
10. યુનિવર્સિટી નોડલ અધિકારીઓ દ્વારા મંજૂરી આપવામાં આવેલી અરજીઓ આપમેળે ઓનલાઇન માધ્યમથી કેસીજીને પ્રાપ્ત થશે, અને તમામ ચકાસણી પછી સ્ક્રુટિની સમિતિ સમક્ષ મૂકવામાં આવશે.

11. યુનિવર્સિટી નોડલ અધિકારીએ પણ બધા પાત્ર અને માન્ય ઉમેદવારોની સૂચિ સાથેના ફોરવર્ડિંગ લેટર પર રજિસ્ટ્રારની સહી અને સ્ટેમ્પ સાથે જ કેસીજીમાં જમા કરાવવાનું રહેશે. ત્યારબાદ નિયમો અનુસાર પૂર્ણ ચકાસણી પછી જ અરજીઓ સ્ક્રુટિની સમિતિ સમક્ષ મૂકવા પાત્ર ગણાશે.
12. કેસીજી દ્વારા જે અરજીઓ તમામ રીતે યોગ્ય ઠરે તેવી પ્રાપ્ત થયેલી અરજીઓની પ્રિન્ટ કાઢવામાં આવશે અને અંતિમ મંજૂરી માટે સ્ક્રુટિની સમિતિ સમક્ષ મુકવામાં આવશે.
13. સ્ક્રુટિની સમિતિ, નીચેના માપદંડો અથવા અન્ય નક્કી કરે તે માપદંડ સાથે માન્ય/અમાન્યનો અંતિમ નિર્ણય લઇ આખરી મંજૂરી આપશે.

| ક્રમ | માપદંડ | ગુણભાર |
|---|---|---|
| ૧ | રીસર્ચ પ્રપોઝલની મૌલિકતા અને જે-તે વિષય માટે નવીનતા તથા જે-તે વિષય/વિશ્લેષણમાં પ્રાપ્ત થનાર નવો ઉમેરો જે આગળના સંશોધનમાં મદદરૂપ બને | ૧૦ ગુણ |
| ૨ | સંશોધનનાં લક્ષ્યો અને ઉદ્દેશો જે નવા જ્ઞાનને પ્રાયોજિત હોય અને તેને લગતા આયામ સિદ્ધ થવાના હોય | ૧૫ ગુણ |
| 3 | પર્યાપ્ત અને સંબંધિત સાહિત્ય સર્વેક્ષણ/ સમીક્ષાની શક્યતા | ૨૦ ગુણ |
| ૪ | સંશોધન ડિઝાઇન અને પદ્ધતિઓની સ્પષ્ટતા જે ઉત્કૃષ્ટ લાગે | ૨૦ ગુણ |
| ૫ | સંશોધનના અપેક્ષિત પરિણામોનું મહત્વ અને સમાજ ઉપયોગી ક્ષેત્રના સંદર્ભમાં સંશોધન દરખાસ્ત ઉપયોગનું મહત્વ જે સામાન્ય થી માંડી વ્યાપક વર્ગને સુધારારૂપ બને | ૨૦ ગુણ |
| ૬ | સંશોધન માટે નિયત થયેલ ટાઈટલ/ વિષય માટે જરૂરી ઇન્ફ્રાસ્ટ્રક્ચર, સાધનો, માર્ગદર્શન વગેરેની ઉપલબધતા-શક્યતા અને તેના આધારે પૂર્ણતાના આરે જઈ શકાશે કે કેમ | ૧૫ ગુણ |
| કુલ ગુણ | | ૧૦૦ |

14. સ્ક્રૂટિની કમિટી દ્વારા આપવામાં આવેલ ગુણાંકના ઓછામાં ઓછા ૫૦% પ્રાપ્ત થયા હશે તો જ અરજીઓ માન્ય ગણાશે. તેમાં કોઈ ગ્રેસીંગ માર્ક આપવામાં આવશે નહીં.
15. સ્ક્રૂટિની કમિટીએ માન્ય/અમાન્ય કરેલ અરજીઓ પર કોઈ પુન:વિચારણા કરવામાં આવશે નહિ સિવાય કે કોઈ ગુણ ગણતરીમાં ભૂલચૂક હોય. ભૂલચૂક હોય તો પણ માત્ર સ્ક્રૂટિની કમિટી કે તેના સભ્ય જ સુધારો કરી શકશે. રજૂઆત પછી પણ માત્ર ચકાસણી કરાવી શકાશે, પુનઃમૂલ્યાંકન નહીં.

Advisor KIG
28-1-21

16. સ્ક્રુટિની કમિટીની બેઠક સામાન્ય રીતે અને જ્યારે જરૂરી હોય ત્યારે/ સમિતિના સભ્યો નક્કી કરે ત્યારે મળશે. વિદ્યાર્થીઓની અરજીઓની સંખ્યાને ધ્યાનમાં લઈને પ્રાપ્ત થતી અરજીઓના આધારે સમય મર્યાદાને ધ્યાનમાં રાખીને બેઠકોનો નિર્ણય લેવામાં આવશે.

17. સ્ક્રુટિની કમિટી શિક્ષણ વિભાગના ઉપરોક્ત ઠરાવની જોગવાઈઓ મુજબ ૫૦% કે તેથી વધુ ગુણ પ્રાપ્ત કરેલ અરજીઓના ઉમેદવારો જે ફાઈનલ ગણાશે તેઓને રકમનું વિતરણ કરવા કેસીજીને ભલામણ કરશે.

18. શોધ સ્કોલરશીપ પી.એચ.ડી વિષય, ટાઈટલ, તેની ગુણવત્તા, સામાજીક ઉપયોગીતા વગેરે ધ્યાને લઇ પસંદગી થાય છે. અને સ્ક્રુટીની સમિતિએ નક્કી કરેલ ધોરણોમાં જે વિષય/ ટાઈટલ ઓછી ગુણવત્તા પ્રાપ્ત કરે તે અરજીઓ નકારવામાં આવે છે.

    તેથી જો વિષય યથાવત રહેતો હોય અને ખૂબ જ યોગ્ય કારણોસર માત્ર ટાઈટલ બદલવાની જરૂરિયાત ઊભી થાય તો અથવા RDC દ્વારા આ ભલામણ કરવામાં આવે તો, આ બાબતનું સર્ટીફિકેટ માત્ર ટાઈટલ બદલવા પૂરતું ગાઈડ, આરડીસી દ્વારા આપવામાં આવે (જેમાં વિષય બદલાયેલ ના હોય અને જે રજીસ્ટ્રાર દ્વારા મોકલવામાં આવે) તો તેના આધારે કેસીજી દ્વારા સ્ટાઇપેન્ડ ચાલુ રાખવામાં આવશે, પરંતુ જો આખો વિષય જ બદલીને નવું ટાઈટલ નક્કી કરવામાં આવે અથવા વિદ્યાર્થી દ્વારા યુનિવર્સિટી જ બદલવામાં આવે તો શોધ સ્કોલરશીપ રદ્દ થયેલ ગણાશે અને સમગ્ર રકમ ૧૮% વ્યાજ સહીત પરત કરવાની રહેશે, ત્યાર બાદ વિદ્યાર્થી નવા વિષય/ટાઈટલ સાથે પુન: અરજી કરી શકશે અને જો સ્ક્રુટીની સમિતિ જે તે સમયના નિયમો મુજબ માન્ય કરે તો શોધ સ્કોલરશીપ માટે પાત્ર બનશે.

19. કેસીજી જરૂરી અહેવાલો, જોડાણો વગેરે તૈયાર કર્યા પછી ઝડપથી માસિક ધોરણે ડીબીટી દ્વારા ઉમેદવારોને સ્ટાન્ડપેન્ડની રકમ વિદ્યાર્થીના ખાતામાં રકમ સીધી જમા કરી વિતરણ કરશે.

20. કેસીજી હાજરી, પ્રોગ્રેસ અને RDC રીપોર્ટ, વિદ્યાર્થીઓના પ્રશ્નો અને ઠરાવના અમલીકરણની તમામ જવાબદારી ઠરાવના નિયમો અનુસાર સંભાળશે.

21. દરેક વિદ્યાર્થીએ પ્રત્યેક માસની હાજરી, પ્રોગ્રેસ અને RDC રીપોર્ટ આગળના માસના દિન-૩માં અપલોડ કરવાના રહેશે તથા નોડલ ઓફિસરે અપલોડ કરેલા રીપોર્ટ પછીના દિન-૨ સુધીમાં ફરજિયાત વેરીફાઈ કરવાના રહેશે. જો વિદ્યાર્થીઓ દ્વારા નિયત સમયમર્યાદામાં તમામ માસિક રીપોર્ટ અપલોડ કરવામાં વિલંબ થશે તો તે માસનું ચુકવણું પછીના માસમાં થશે તેની જવાબદારી કેસીજીની રહેશે નહિ. આ બાબતે નોડલ ઓફિસરે વિદ્યાર્થીઓને દર માસની પહેલી તારીખે રીપોર્ટ અપલોડ કરવાની કડક સૂચના આપવી આવશ્યક છે, જેથી વિના વિલંબે નિયમિત સ્ટાઇપેંડની ચુકવણી થઇ શકે.

22. પાત્રતાના ધોરણો શરૂઆતથી અંત સુધી નિયમો અનુસાર ચાલુ રહેવા જ જોઈએ. આથી, સ્ટાઇપેંડ પરત કરવાના કિસ્સામાં પાત્રતાના ધોરણો સ્ક્રુટીની સમિતિ દ્વારા અરજી મંજુર કરવામાં આવે તે સમયથી લઈને યોજનાના સંપૂર્ણ સમયગાળા દરમિયાન લાગુ થશે. આ ધોરણો જો અભ્યાસના સંપૂર્ણ સમયગાળા દરમિયાન ગમે ત્યારે ભંગ થાય તો અરજદાર તેની અરજીની માન્યતાની પાત્રતા મંજુરીની તારીખથી જ ગુમાવે છે.

૨૪-૧-૨૧

નહિ કે નિયમભંગ કરે તે દિવસથી એનો અર્થ સ્પષ્ટ થાય છે કે પ્રથમ દિવસથી પ્રાપ્ત કરેલ પૂરેપૂરી રકમ દર્શાવેલ વ્યાજ સાથે પરત કરવી ફરજીયાત છે. આ ધોરણોનો જો સંપૂર્ણ સમયગાળા દરમિયાન ગમે ત્યારે ભંગ થશે, તો ઠરાવ મુજબની કાર્યવાહી કરવામાં આવશે. આ માટે કોઈ વાદ-વિવાદ અપેક્ષિત નથી. આ ઉપરાંત માહિતી છુપાવી કે જાણીજોઈને કરેલ નિયમભંગ કે ખોટી માહિતી સાબિત થતા સમયગાળા પછી પણ, ગમે ત્યારે સ્કોલરશીપની રકમ વ્યાજ સાથે પરત કરવાની રહેશે. આ રકમ સરકારી રાહે વસૂલ થશે.

23. વિદ્યાર્થી શોધ યોજનાની પૂરેપૂરી રકમની સહાયતા મેળવી શકે છે અથવા તે નિયમો અનુસાર અમાન્ય કે માન્યતા ગુમાવે/પોતે રદ્દ કરાવે તો માન્યતા પ્રથમ દિવસથી જ સમગ્ર રીતે રદ્દ થાય છે. અને તેથી કોઈ પણ વિદ્યાર્થી આંશિક રીતે યોજનાનો અમુક સમય સુધીનો લાભ મેળવી શકે નહીં. આંશિક ધોરણે લાભ આપવાની વ્યવસ્થા ઠરાવમાં નથી. ઉદા. અન્ય સંસ્થા કે કેન્દ્ર/રાજ્ય સરકારની વધુ રકમની નોકરી/લોન/સ્કોલરશીપ/સહાય મંજૂર થાય અને પીએચ.ડી. રદ્દ ના થયેલ હોય તો પણ પ્રથમ દિવસથી જ મળેલ પૂરેપૂરી રકમ વ્યાજ સાથે પરત કરવાની રહેશે. આવા સંજોગોમાં સાવચેતી રાખીને નિર્ણય લેવા.
24. વિદ્યાર્થીઓના પ્રશ્નો/સમસ્યાઓ અંગે એડવાઇઝરશ્રી સાથે સંવાદ કરીને યોગ્ય ઉકેલ અંગે નિર્ણય લેવાશે.
25. એક વખત સ્ક્રુટિની સમિતિ દ્વારા નકારવામાં આવેલ અરજી (રીજેક્ટ થયેલ) તે વિષય ટાઈટલ સાથે પુનઃ બીજા વર્ષે અરજી કરી શકશે નહિ. તે રજીસ્ટર્ડ થયેલ વિષયની અરજી કાયમી ધોરણે આ યોજના માટે રદ્દ થયેલ ગણાશે.
26. શોધ યોજના અન્વયની તમામ કામગીરી સંપૂર્ણ પારદર્શક છે, તેથી જે વિદ્યાર્થીની અરજી નામંજૂર થાય તે અંગેના કારણો જાણવા અરજી કરી શકાશે, તેમને યોગ્ય જવાબ ફક્ત તેમની અરજી સાથેની સંબંધિત માહિતી આપવામાં આવશે પરંતુ સમિતિ દ્વારા નકારવામાં આવેલ અરજી કોઈપણ સંજોગો કે કારણો અનુસાર પુનઃમાન્ય થઇ શકશે નહીં તેની ખાસ નોંધ લેવી.
27. જે વિદ્યાર્થી આ યોજનાનો લાભ મેળવતો હશે તે કોલેજ/યુનિવર્સિટીના વિભાગનું શૈક્ષણિક કે અન્ય કાર્ય (Departmental Work) તેમના વિદ્યાર્થીઓને સોપવું કે નહિ તે અંગે કોલેજ/યુનિવર્સિટીના ધારાધોરણો કે અધિકારીઓ નિર્ણય લેશે. કેસીજી આ બાબતે કોઈ નિર્ણય લેશે નહિ. તેથી આવી રજૂઆત માત્ર યુનિવર્સિટીને જ કરવી.
28. સ્ટાઇપેંડનો સમયગાળો વધુમાં વધુ ૨ વર્ષ રાખવામાં આવેલ છે. આથી જો આ સમયગાળા પહેલા કે તે દરમિયાન વિદ્યાર્થી ફાઈનલ થીસીસ સબમિટ કરાવે અને તેનો અભ્યાસ પૂર્ણ થઇ જાય તો તે સમય કે તે પછી સ્ટાઇપેંડ મળવાપાત્ર રહેશે નહિ. તેથી આ બાબતની જાણ કેસીજીને કરવી અન્યથા જે-તે સમય પછી ચૂકવાયેલ રકમ વ્યાજ સાથે કેસીજીને પરત ચૂકવવાની રહેશે. નિયત કરાયેલ થીસીસ સબમીશન ફોર્મ સાથે ફાઈનલ થીસીસ સબમિટ કર્યાની રીસીપ્ટની નકલ કેસીજીને ઇમેલ/પોસ્ટ દ્વારા મોકલી આપવી.

# શોધ યોજના અંતર્ગત વિદ્યાર્થીઓ માટે રજાના નિયમો

શોધ યોજનાના ઠરાવની કલમ ૧૦માં જણાવ્યા અનુસાર દરેક વિદ્યાર્થી યુનિવર્સિટીના જે તે વિભાગમાં સલાહ/માર્ગદર્શન માટે, ગાઈડ સાથે, ગ્રંથાલયમાં, સર્વે કે અન્ય અભ્યાસ માટે નિયમિત રીતે દરમાસે ઓછામાં ઓછી ૭૫% હાજરી ધરાવતા હોવા જોઈએ. આ અંગે સંબંધિત વિભાગના હેડ ઓફ ડિપાર્ટમેન્ટ (HoD) અને પીએચ.ડી. ગાઈડનું પ્રમાણપત્ર તેમની સહી સાથે દરેક માસ તથા દરેક સત્રના અંતે કોન્સોલીડેટેડ હાજરી પત્રક શોધ પોર્ટલ પર ઓનલાઈન જમા કરાવવાનું રેહશે. વિદ્યાર્થીએ મોબાઇલ એટેન્ડન્સ સિસ્ટમ (MAS) અંતર્ગત તેની હાજરી ગાઈડના માર્ગદર્શન મુજબ માર્ક કરવાની રહેશે. દર માસના અંતે વિદ્યાર્થીની ઓછામાં ઓછી ૭૫% હાજરી થવી જરૂરી છે. ત્યારબાદ જ સ્ટાઇપેંડની રકમ મળશે. આ સાથે શોધ યોજના અંતર્ગત માન્ય રજાના નિયમો નીચે મુજબના રેહશે. આવી મંજૂરી સિવાય ભોગવેલ રજાઓ અમાન્ય ગણાશે અને તે સમયની રકમ ચુકવવામાં આવશે નહીં.

## 1. મેડીકલ લીવ

કોઈ ગંભીર બીમારી કે શારીરિક સમસ્યા અથવા અન્ય અનિવાર્ય તબીબી કારણોસર વિદ્યાર્થીના ગાઈડની પૂર્વ મંજુરીથી જ વિદ્યાર્થીની રજા મંજુર કરવામાં આવશે. વિદ્યાર્થીને મેડીકલ સર્ટી તથા ડોક્ટરની ભલામણ મુજબ એક વર્ષમાં વધુમાં વધુ ૩૦ દિવસની રજા આપી શકાય છે. આમ છતાં જો તેની શારીરિક સ્થિતિમાં સુધાર ન જણાય તો તે રજાઓ સિવિલ હોસ્પિટલના ડોક્ટર દ્વારા પ્રમાણિત કરેલ સર્ટીફીકેટના આધારે બીજા ૨ મહિના સુધી લંબાવી શકાય છે. આ માટે જે-તે રીપોર્ટ અને મેડીકલ સર્ટીફીકેટ રજૂ કરવાનું રહેશે તથા આ બાબતે કેસીજીને સતત જાણ કરવાની રહેશે. મેડીકલ લીવ દરમિયાન વિદ્યાર્થીને વધુમાં વધુ ૧ મહિનાનું સ્ટાઇપેંડ મળવા પાત્ર રહેશે. જો આ સમયગાળો ૩૦ દિવસથી વધુ હશે તો તેને પોર્ટલ પર ટેમ્પરરી બ્લોક કરવામાં આવશે પરંતુ નોડલ ઓફિસર/ગાઈડની મંજૂરી પછી રીસર્ચ કાર્ય પુનઃ શરૂ કર્યા બાદ આગળનું સ્ટાઇપેંડ પણ મળવાપાત્ર રહેશે. તમામ મેડીકલ રીપોર્ટ/સર્ટીફિકેટ પર સિવિલ હોસ્પિટલના ડોક્ટરશ્રીની કાઉન્ટર સહી થયા બાદ લાંબી મેડીકલ લીવનો પ્રસંગ ગંભીર બીમારીથી ઉત્પન્ન થાય તો જ તેનો સમયગાળો આગળના સત્રોમાં ઉમેરવામાં આવશે. પરંતુ આના કારણે મળવાપાત્ર સ્ટાઇપેંડની કુલ રકમ વધશે નહીં.

## 2. મેટરનિટી લીવ

ફેલોશિપના સમયગાળા દરમિયાન મહિલા સ્કોલરને મહતમ ૧૮૦ દિવસની પ્રસુતિ રજાઓ સરકારી નિયમો મુજબ મળવાપાત્ર રેહશે. આ માટેનું મેડીકલ પ્રમાણપત્ર રજાના સમયગાળા પૂર્વે નોડલ ઓફિસર દ્વારા કેસીજી ખાતે રજૂ કરવાનું રહેશે. વિદ્યાર્થીનીને રજાના સમયગાળા દરમિયાન પોર્ટલ પર ટેમ્પરરી બ્લોક કરવામાં આવશે તથા રીસર્ચ કાર્ય પુનઃ શરૂ કર્યા બાદ આગળનું સ્ટાઇપેંડ મળવાપાત્ર

રહેશે. મેટરનિટી લીવ આગળના સત્રમાં ઉમેરવામાં આવશે, કે જે ૧૮૦ દિવસથી વધુ માન્ય રેહશે નહિ. મળવાપાત્ર કુલ રકમમાં આ કારણોસર કોઈ ઘટાડો થતો નથી ફક્ત સમયગાળો લંબાય છે.

ઉદા. કોઈ વિદ્યાર્થીનીનો ફેલોશીપ સમયગાળો જાન્યુઆરી ૨૦૨૦ થી ડિસેમ્બર ૨૦૨૧ (એટલે કે ૨ વર્ષ) સુધીનો છે. આ દરમિયાન તેણીએ ૬ મહિનાની મેટરનિટી લીવ ૧ જૂન ૨૦૨૦ થી ૩૦ નવેમ્બર ૨૦૨૦ સુધીમાં લીધેલ છે. અને તેનું સંશોધન કાર્ય ૧ ડિસેમ્બર ૨૦૨૦ પુનઃ શરૂ કરે તો તેનું સ્કોલરશીપ વર્ષ જૂન ૨૦૨૨ સુધી લંબાવવામાં આવશે. પરંતુ મળવાપાત્ર ઓવરઓલ સ્ટાઇપેંડની કુલ રકમ યથાવત્ રેહશે. વધારો માત્ર સત્ર પૂરતો જ રહેશે.

## 3. ડ્યુટી લીવ

સંશોધનકાર્ય માટે ફિલ્ડ વર્ક, સેમ્પલ/ડેટા કલેક્શન, સેમ્પલ ટેસ્ટીંગ, સેમ્પલ એનાલીસીસ, કેસ સ્ટડી, ચેપ્ટર રાઈટીંગ, બીજી યુનિવર્સિટીમાં માર્ગદર્શન, મર્યાદિત સમય પૂરતી પરદેશની યુનિવર્સિટીની/એક્સપર્ટની મુલાકાત અથવા ગુજરાત રાજ્ય, ભારત દેશ કે આંતરરાષ્ટ્રીય વર્કશોપ/કોન્ફરન્સમાં ભાગ લેવાનો હોય તે રીસર્ચ સ્કોલરની આવી બધી કામગીરી ડ્યુટી લીવ ગણાશે. જેની પરવાનગી પોતાના ગાઈડ, નોડલ ઓફિસર અને સંસ્થા પાસેથી લેવાની રેહશે. આ બાબતે કેસીજી કોઈ નિર્ણય લેશે નહિ. તથા આ માટે વિદ્યાર્થીએ કોન્ફરન્સ કે વર્કશોપ સર્ટીફીકેટ/ પ્રમાણપત્ર તથા અન્ય પુરાવાઓ કેસીજી સમક્ષ નોડલ ઓફિસર/ગાઈડની સહી લીધા પછી રજુ કરવાના રહશે.

4. વિદ્યાર્થીના પોતાના કુટુંબમાં અકસ્માત/સામાજિક/લગ્ન/મરણ પ્રસંગ અથવા અન્ય કારણો માટે યોગ્ય પુરાવા ગાઈડ/નોડલ ઓફિસર સમક્ષ રજુ કરી તેમની મંજુરીથી ૧૫ દિવસની લીધેલી રજા માન્ય ગણાશે, જે ગાઈડ/નોડલ ઓફિસરની રજુઆતના આધારે કેસીજી માન્ય કરશે અને તે સમયનું સ્ટાઇપેંડ ચૂકવાશે.

5. કોવીડ-૧૯ જેવી ગંભીર મહામારી કે કુદરતી આપત્તિ, બંધ, કટોકટીની પરિસ્થિતિ સમયે હાજરી અંગે સરકારશ્રી દ્વારા જાહેર થયેલ નીતિ/નિયમો અનુસાર હાજરીમાં છૂટછાટ મળી શકશે. આ બાબતે ગાઈડ/નોડલ ઓફિસર દ્વારા પ્રમાણિત કરેલ/ચકાસેલ મેડીકલ સર્ટીફીકેટ રજૂ કરવાનું રહેશે. આવી બીમારી/અકસ્માત વગેરે અંગેનું સર્ટીફીકેટ રજૂ કરવાથી ડોક્ટરની સલાહ મુજબ આવા સંજોગોમાં રજા મંજૂરથશે અને તે સહુને સ્ટાઇપેંડ ચૂકવાશે.

6. વિદ્યાર્થી દ્વારા દરેક બાબતે પ્રથમ પોતાના ગાઈડ નોડલ ઓફિસર પાસેથી માર્ગદર્શન મેળવવાનું રહેશે. દરેક સર્ટીફીકેટ/રજૂઆત પર તેમની સહી લેવાની રહેશે. આમ છતાં સ્પષ્ટતા ના થાય તો જ કેસીજીનો સંપર્ક કરી માર્ગદર્શન મેળવવું.

28-1-21

## શોધ યોજના હેઠળ પસંદગી પામેલ વિદ્યાર્થીઓએ માસિક હાજરી રિપોર્ટ, સતત મૂલ્યાંકન અહેવાલ અને પ્રોગ્રેસ રિપોર્ટ જમા કરાવવા માટેની સૂચનાઓ

શિક્ષણ વિભાગ દ્વારા પ્રસિદ્ધ કરવામાં આવેલ શોધ યોજનાનાં ઠરાવમાં જણાવ્યા અનુસાર આ યોજના હેઠળ લાભ પ્રાપ્ત કરતા વિદ્યાર્થીઓએ વિદ્યાર્થીની યુનિવર્સિટીના જે તે વિભાગમાં નિયમિત રીતે ઓછામાં ઓછા ૭૫% હાજરી આપેલી હોવી જોઈએ. આ અંગે વિભાગના હેડ ઓફ ડિપાર્ટમેન્ટ(HOD) અને પીએચ.ડી. ગાઈડનું પ્રમાણપત્ર દરેક માસના તથા દરેક સત્રના અંતે કોન્સોલીડેટેડ સર્ટીફીકેટ વિદ્યાર્થીએ જમા કરાવવાનું થાય છે. આ માટે વિદ્યાર્થીએ પોતે પ્રયત્ન કરી પ્રમાણપત્ર મોકલવાના રહેશે.

આ સાથે વિદ્યાર્થીએ ગાઈડ અને જે તે વિભાગના એચ.ઓ.ડી.નો સંતોષકારક કામગીરી માટેનો સતત મૂલ્યાંકન અહેવાલ (Continuous Evaluation Report) દર માસે જમા કરાવવાનો થાય છે. સંતોષકારક મૂલ્યાંકન અહેવાલ કેસીજી ખાતે જમા કરાવ્યા બાદ તેની પ્રમાણભૂતતા ચકાસીને જ સહાયની આગળની રકમ મળવાપાત્ર રહે છે. તથા વિદ્યાર્થીએ યુનિવર્સિટી કક્ષાએ નિયમિત સમયાંતરે યોજાતી રિસર્ચ ડેવલપમેન્ટ કમિટિ (RDC) માં રજૂ કરેલ પ્રોગ્રેસ રિપોર્ટ રિસર્ચ ડેવલપમેન્ટ કમિટિ (RDC) થયા બાદ દિન -૧૫ માં જમા કરાવવાનો રહે છે.

ઉક્ત જોગવાઈ અનુસાર શોધ યોજના અંતર્ગત સ્ક્રુટીની સમિતિ દ્વારા મંજુર કરવામાં આવેલ અરજીઓની યાદી અનુસારના વિદ્યાર્થીઓએ દરેક માસના માસિક હાજરી પ્રમાણપત્ર, સતત મૂલ્યાંકન અહેવાલ અને રિસર્ચ ડેવલપમેન્ટ કમિટિ (RDC) માં રજૂ કરેલ પ્રોગ્રેસ રિપોર્ટ નિયત ફોર્મેટમાં mysy.guj.nic.in/shodh પોર્ટલ પર દર મહીને પહેલી-બીજી તારીખે ફરજીયાત ઓનલાઈન સબમિટ કરાવવાના રહેશે.

આ માટે વિદ્યાર્થીએ નીચે મુજબની કાર્યવાહી શરૂ કરવાની રહેશે.

1. શોધ યોજનાના લાભાર્થી વિદ્યાર્થીએ હાજરી પ્રમાણપત્ર અને સતત મુલ્યાંકન અહેવાલ માટે નિયત કરવામાં આવેલ ફોર્મેટ ડાઉનલોડ કરવાનું રહેશે.
2. શોધ યોજનાના લાભાર્થી વિદ્યાર્થીએ હાજરી પ્રમાણપત્ર અને સતત મુલ્યાંકન અહેવાલમાં દર્શાવેલ વિગતો ભરવાની રહેશે. દર માસ માટે અલગ અલગ વિગતો સ્પષ્ટ રીતે દર્શાવવાની રહેશે.
3. દર માસ માટે અલગ અલગ ભરવામાં આવેલ હાજરી પ્રમાણપત્ર અને સતત મુલ્યાંકન અહેવાલમાં (Continuous Evaluation Report) વિભાગના હેડ ઓફ ડિપાર્ટમેન્ટ(HOD) અને પીએચ.ડી. ગાઈડના સહી સિક્કા મેળવવાના રહેશે.
4. ત્યારબાદ વિદ્યાર્થીએ વિભાગના હેડ ઓફ ડિપાર્ટમેન્ટ(HOD) અને પીએચ.ડી. ગાઈડના સહી સિક્કા ધરાવતાં હાજરી પ્રમાણપત્ર અને સતત મુલ્યાંકન અહેવાલ સ્કેન કરીને mysy.guj.nic.in/shodh પોર્ટલ પર લોગીન કરી અપલોડ કરવાના રહેશે.
5. વિદ્યાર્થીઓ દ્વારા યુનિવર્સિટી કક્ષાએ નિયમિત સમયાંતરે યોજાતી રિસર્ચ ડેવલપમેન્ટ કમિટિ (RDC) માં રજૂ કરેલ પ્રોગ્રેસ રિપોર્ટ પણ આ સાથે સ્કેન કરીને mysy.guj.nic.in/shodh પોર્ટલ પર લોગીન કરી અપલોડ કરવાના રહેશે.

૨૪-૧-૨૧
Advisor KCG

6. ૭૫%થી ઓછી હાજરીના કિસ્સામાં વિદ્યાર્થી આપોઆપ પોર્ટલ પર ટેમ્પરરી બ્લોક થઇ જશે. જેની દરેક વિદ્યાર્થીએ ખાસ નોંધ લેવી. આવા કેસમાં ગાઈડ/નોડલ ઓફિસરની ભલામણ પછી જ સ્ટાઇપેંડ પુનઃ શરૂ થશે.
7. વિદ્યાર્થીએ રિપોર્ટ અપલોડ કર્યા પછી "Submit" પર ફરજીયાત ક્લિક કરવાનું રહેશે,
8. વિદ્યાર્થીને જો તેના રીપોર્ટ સ્ટેટ્સ "Pending" દર્શાવે તો તેઓએ નોડલ ઓફિસરશ્રીનો સંપર્ક કરવાનો રહેશે.
9. વિદ્યાર્થીઓ દ્વારા અપલોડ કરવામાં આવેલ હાજરી પ્રમાણપત્ર, સતત મુલ્યાંકન અહેવાલ અને રિસર્ચ ડેવલપમેન્ટ કમિટિ (RDC)માં રજૂ કરેલ પ્રોગ્રેસ રિપોર્ટનું યુનિવર્સિટી નોડલ ઓફિસર દ્વારા ઉક્ત પોર્ટલ પર ઓનલાઈન વેરીફીકેશન દર મહિનાની પાંચ તારીખ સુધીમાં ફરજીયાત કરવાનું રહેશે.
10. માત્ર યુનિવર્સિટી નોડલ ઓફિસર દ્વારા વેરીફીકેશન થયેલ વિદ્યાર્થી બાકીના માસ માટે સ્ટાઈપેન્ડ મેળવવા માટે લાયક ગણાશે. ઉક્ત સમયમર્યાદામાં જે વિદ્યાર્થીઓ હાજરી પ્રમાણપત્ર, સતત મુલ્યાંકન અહેવાલ અને રિસર્ચ ડેવલપમેન્ટ કમિટિ (RDC) માં રજૂ કરેલ પ્રોગ્રેસ રિપોર્ટ ઓનલાઈન અપલોડ કરવામાં અસમર્થ રહેશે તેમને આગળના માસના સ્ટાઇપેંડનું ચુકવણું થઇ શકશે નહીં અને તેની જવાબદારી જે તે વિદ્યાર્થીની રહેશે તેની ખાસ નોંધ લેવી.
11. જે સમયે હાજરી અને પ્રોગ્રેસ રીપોર્ટ માન્ય થઈને આવશે તે તારીખથી પુનઃસ્ટાઇપેંડ માટે ક્વોલીફાય થતાં પુનઃચુકવણું શરુ થશે.

28-1-21
Advisor KCG

# શોધ યોજના હેઠળ પસંદગી પામેલ વિદ્યાર્થીઓ માટે આનુષંગિક ખર્ચ (કન્ટીજન્સી) અંગેની સૂચનાઓ

શિક્ષણ વિભાગના ઠરાવની કલમ ૩માં જણાવ્યા અનુસાર અન્ય આનુષંગિક ખર્ચ પેટે મળવા પાત્ર વાર્ષિક રકમ રૂ. ૨૦,૦૦૦માંથી વિદ્યાર્થીઓ પુસ્તકોની ખરીદી, નાના ઈક્વિપમેન્ટની ખરીદી, ટ્રાન્સપોર્ટેશન, ટાઈપીંગ ખર્ચ વગેરે માટે કરી શકશે. આ માટે વિદ્યાર્થીએ કરેલ ખરેખર ખર્ચના બીલ પીએચ.ડી. ગાઈડ અને નોડલ ઓફિસર દ્વારા પ્રમાણિત કર્યા બાદ પોર્ટલ પર ઓનલાઈન અપલોડ કરવાના રહેશે. કેસીજી દ્વારા પ્રમાણિત બિલોની ચકાસણી અને મંજૂરી બાદ ખરેખર ખર્ચની રકમ વાર્ષિક રૂ. ૨૦,૦૦૦=૦૦ની મર્યાદામાં ચુકવણું કરવામાં આવશે.

**વિદ્યાર્થીઓએ આનુષંગિક ખર્ચ (કન્ટીજન્સી) અન્વયે નીચેની સૂચનાઓનું પાલન કરવાનું રહેશે.**

1. આનુષંગિક ખર્ચ પેટે મળવા પાત્ર વાર્ષિક રકમ રૂ. ૨૦,૦૦૦માંથી વિદ્યાર્થીઓ પુસ્તકોની ખરીદી, નાના ઈક્વિપમેન્ટની ખરીદી, ટ્રાન્સપોર્ટેશન, ટાઈપીંગ, રીસર્ચ મટિરિયલ ખર્ચ વગેરે માટે કરી શકશે. જરૂર પડે તો વિદ્યાર્થી તેને મળેલ સ્ટાઇપેંડને જોડીને ખર્ચ કરી શકે પરંતુ સ્ટાઇપેંડની રકમ વધશે નહીં.
2. સૌપ્રથમ SHODH પોર્ટલ પરથી કન્ટીજન્સી ફોર્મનું ફોરમેટ ડાઉનલોડ કરી તેમાં આપેલ વિગતો ચોકસાઈથી ભરવી. આ માટે વિદ્યાર્થીઓએ કરેલ ખરેખર ખર્ચના બીલ પીએચ.ડી. ગાઈડ અને નોડલ ઓફિસર દ્વારા પ્રમાણિત કર્યા બાદ પોર્ટલ પર ઓનલાઈન અપલોડ કરવાના રેહશે. દરેક બીલ પર ગાઈડની સહી અચૂક હોવી જરૂરી છે.
3. વિદ્યાર્થીઓએ GST નંબર દર્શાવતું અથવા પાકું બીલ જ રજૂ કરવાનું રેહશે. અન્ય પ્રકારના બીલોમાં ખર્ચનો પ્રકાર, તેની વિગતો, રકમ વગેરે સ્પષ્ટ કરી ગાઈડ,નોડલ ઓફિસરની સહી સાથે અને પોતાની સહી કરી રજૂ કરવા.
4. પીએચ.ડી. કરતા વિદ્યાર્થીઓ માટે કોલેજ અને યુનિવર્સિટીએ પોતાના વિદ્યાર્થીઓને વિનામૂલ્યે લેબમાં ઉપલબ્ધ ઉપકરણો/રસાયણો અને અન્ય વસ્તુઓ પ્રદાન કરવી આવશ્યક છે. પરંતુ જો તે કોલેજ/યુનિવર્સિટીની લેબમાં ઉપલબ્ધ ન હોય તો વિદ્યાર્થીઓ પીએચડી ગાઈડ અને યુનિવર્સિટી નોડલ અધિકારીની મંજૂરી પછી રૂ. ૨૦,૦૦૦=૦૦ની ખર્ચ મર્યાદામાં સાધનો ખરીદી શકે છે.
5. લાંબાગાળાનો ઉપયોગ અથવા લાભ ધરાવતા હોય તેવા સાધનો/ઉપકરણો વિદ્યાર્થીઓએ સંશોધન કાર્ય પૂર્ણ કર્યા પછી પોતાની યુનિવર્સિટી અથવા સંબંધિત કોલેજ/વિભાગને પરત કરવાની રહેશે. દા.ત. પ્રયોગશાળાના ઉપકરણો, વગેરે.

૨૪-૧-૨૧

6. એક વખત ઉપયોગમાં લેવાતી અથવા ટૂંકાગાળા પૂરતી ઉપયોગમાં લેવાતી વસ્તુઓ યુનિવર્સિટીમાં પરત કરવાની રહેશે નહીં, જેમ કે પેપર્સ, સ્ટેશનરી, કમ્પ્યુટર એસેસરીઝ વગેરે.
7. ટ્રાન્સપોર્ટેશન/ટ્રાવેલિંગ ખર્ચ ફક્ત ફિલ્ડવર્ક માટે જ આપવામાં આવશે.
8. મટિરિયલ કેરેક્ટરાઈઝેશન એનાલીસીસ અને ડેટા એનાલીસીસ ખર્ચ રીસીપ્ટ સાથે રજૂ કરી શકશે.
9. વિદ્યાર્થી ઓનલાઇન પ્લેટફોર્મ દ્વારા પણ સાધન સામગ્રી/ઉપકરણોની ખરીદી કરી શકે છે. જેના બીલ જમા કરવવાના રહેશે.
10. વિદ્યાર્થીઓ રૂ.૨૦,૦૦૦=૦૦ની મર્યાદામાં કોમ્પ્યુટર, લેપટોપ, પ્રિન્ટર, સ્કેનર વેગેરે જેવા સાધનો તથા કોમ્પ્યુટર સોફ્ટવેર અને અન્ય એસેસરીઝની ખરીદી શકે છે. જો આ સાધનો રૂ.૨૦,૦૦૦=૦૦ની મર્યાદા કરતા વધુ હશે તો ઉપરનો ખર્ચ વિદ્યાર્થીઓએ પોતાને મળેલ સ્ટાઇપેંડમાંથી જાતે કરવાનો રેહશે. આવા સંજોગોમાં કોમ્પ્યુટર/લેપટોપ વિદ્યાર્થીની માલિકીનું રહેશે.
11. રાજ્ય કે રાષ્ટ્રીય કક્ષાના વેબીનાર/કોન્ફરન્સ, વર્કશોપ, ટ્રેનીંગ, વેગેરેની રજીસ્ટ્રેશન ફી રૂ.૨૦,૦૦૦=૦૦ની મર્યાદામાં રીસીપ્ટ સાથે રજૂ કરી શકે છે.
12. વિદ્યાર્થી રીસર્ચ કાર્યના અંતે થીસીસના પ્રિન્ટીંગ, ટાઈપીંગ કે કોમ્પ્યુટેશન અથવા અન્ય જરૂરી ખર્ચ પણ રૂ.૨૦,૦૦૦=૦૦ની મર્યાદામાં પાકા બીલ સાથે રજૂ કરી શકે છે.
13. લાયબ્રેરી મેમ્બરશિપ, જર્નલ સબસ્ક્રિપ્શન, રીસર્ચ પેપર પબ્લીકેશન ખર્ચ ગાઈડ/નોડલ ઓફિસરની પૂર્વ મંજૂરીથી મળવાપાત્ર રહેશે.

નોંધ: ઉપરોક્ત કોઈપણ બીલ એક વર્ષમાં રૂ.૨૦,૦૦૦=૦૦ની મર્યાદામાં જ ચુકવવામાં આવશે.

# શોધ યોજનામાં મળેલ સ્ટાઇપેન્ડ પરત કરવા માટે અગત્યની સૂચનાઓ/ નિયમો

શોધ યોજનાનાં ઠરાવની જોગવાઈ મુજબ વિદ્યાર્થીએ રાજ્ય સરકાર અથવા ભારત સરકાર અથવા અન્ય કોઈ સહાય આપતી યોજનાઓ પૈકી કોઈ એક જ યોજના હેઠળ લાભ મેળવવા પસંદગી કરવાની રહે છે. કોઈ પણ વિદ્યાર્થી એક સાથે એકથી વધુ યોજનાને કે લાભને એકસાથે પસંદગી આપી શકતો નથી એટલે કે કોઈ એક યોજના હેઠળ જ લાભ મેળવી શકે છે. આથી આવા પ્રસંગોએ વિદ્યાર્થીઓએ અન્ય સંસ્થા પાસેથી લાભ લેવા શોધ યોજના હેઠળ મળેલ સ્ટાઈપેન્ડની સંપૂર્ણ રકમ સાથે અચૂક પરત કરવાની રહેશે. ઠરાવની જોગવાઈ અનુસાર વિદ્યાર્થીઓએ નીચેની બાબતો ધ્યાને લેવાની રહેશે.

**જો કોઈ વિધાર્થીને શોધ યોજના હેઠળ મળેલ સ્ટાઇપેંડ પરત કરવાની થતી હોય તેવા કિસ્સામાં નીચેની સૂચનાઓ ધ્યાને લેવાની રહેશે.**

1. પાત્રતાના ધોરણો શરૂઆતથી અંત સુધી નિયમો અનુસાર ચાલુ રહેવા જ જોઈએ. આથી, સ્ટાઇપેંડ પરત કરવાના કિસ્સામાં પાત્રતાના ધોરણો સ્ક્રુટીની સમિતિ દ્વારા અરજી મંજુર કરવામાં આવે તે સમયથી લઈને યોજનાના સંપૂર્ણ સમયગાળા દરમિયાન લાગુ થશે. આ ધોરણો જો અભ્યાસના સંપૂર્ણ સમયગાળા દરમિયાન ગમે ત્યારે ભંગ થાય તો અરજદાર તેની અરજીની માન્યતાની પાત્રતા મંજુરીની તારીખથી જ ગુમાવે છે. નહિ કે નિયમભંગ કરે તે દિવસથી એનો અર્થ સ્પષ્ટ થાય છે કે પ્રથમ દિવસથી પ્રાપ્ત કરેલ પૂરેપૂરી રકમ દર્શાવેલ વ્યાજ સાથે પરત કરવી ફરજીયાત છે. આ ધોરણોનો જો સંપૂર્ણ સમયગાળા દરમિયાન ગમે ત્યારે ભંગ થશે, તો ઠરાવ મુજબની કાર્યવાહી કરવામાં આવશે. આ માટે કોઈ વાદ-વિવાદ અપેક્ષિત નથી. આ ઉપરાંત માહિતી છુપાવી કે જાણીજોઈને કરેલ નિયમભંગ કે ખોટી માહિતી સાબિત થતા સમયગાળા પછી પણ, ગમે ત્યારે સ્કોલરશીપની રકમ વ્યાજ સાથે પરત કરવાની રહેશે. આ રકમ સરકારી રાહે વસૂલ થશે.

2. વિદ્યાર્થી શોધ યોજનાની પૂરેપૂરી રકમની સહાયતા મેળવી શકે છે અથવા તે નિયમો અનુસાર અમાન્ય કે માન્યતા ગુમાવે/રદ્દ કરાવે તો અરજીની માન્યતા સમગ્ર રીતે અરજી મંજૂર થઇ હોય તે તારીખથી જ બધી રકમ સાથે રદ્દ થાય છે અને તેથી કોઈ પણ વિદ્યાર્થી આંશિક રીતે યોજનાનો લાભ મેળવી શકે નહીં. અડધો કે આંશિક લાભ મળી શકે નહિ. આંશિક ધોરણે લાભ આપવાની વ્યવસ્થા ઠરાવમાં નથી.

3. જો વિદ્યાર્થી શિક્ષણ વિભાગના ઠરાવમાં જણાવ્યા અનુસાર રાષ્ટ્રીય કે રાજ્ય કક્ષાની કે સામાજિક મંડળો, એન.જી.ઓ. ઉદ્યોગો કે અન્ય કોઈ પણ શિષ્યવૃત્તિ મેળવતો હોય અને/અથવા સહાય મેળવનાર વિદ્યાર્થી સામે યુનિવર્સિટી/ સંસ્થાના નીતિ નિયમો અથવા નૈતિક ધોરણો પ્રમાણે ગંભીર શિસ્ત વિષયક કાર્યવાહી થઇ હોય અને/અથવા ખોટી વિગતો, કે અન્ય કોઈ રીતે ખોટી વિગતો રજુ કરીને કે છેતરપીંડીથી સ્ટાઇપેંડ મેળવેલ હોવાનું પ્રસ્થાપિત થતાં વિદ્યાર્થી પાસેથી સ્ટાઇપેંડની તમામ રકમ ઉપરાંત ૧૮%નાં

દંડનીય વ્યાજ સહીત પરત લેવામાં આવશે. આ ઉપરાંત તેની સામે કાયદેસરની કાર્યવાહી માટે પગલાં કેસીજી દ્વારા લેવામાં આવશે.

- વિદ્યાર્થીનાં બેંક ખાતામાં શોધ યોજનાની સ્ટાઇપેંડની રકમ જે તારીખે જમા થાય તેના ૩૦ દિવસમાં શોધ યોજના હેઠળ મળેલ સ્ટાઇપેંડની પૂરેપૂરી રકમ કેસીજીને પરત કરશે તો તેની પાસેથી વ્યાજ વસૂલવામાં આવશે નહિ. વિદ્યાર્થી દ્વારા તેની શોધ યોજનાની સ્ટાઇપેંડની રકમ તેના બેંક ખાતામાં જે તારીખે જમા થાય તેના ૩૦ દિવસ બાદ પરત કરવામાં આવે ત્યારે, તેવા કિસ્સામાં તે વિદ્યાર્થી પાસેથી નીચેની ફોર્મુલા મુજબ ૧૮%નાં વાર્ષિક દરે વ્યાજ પણ વસૂલવામાં આવશે.

  **ફોર્મુલા**: Amount x 18 x Days (વિદ્યાર્થીની શોધ યોજનાની સ્ટાઇપેંડની રકમ તેના બેંક ખાતામાં જે તારીખે જમા થાય તે તારીખથી જેટલા મહિના સુધી સ્ટાઇપેંડના નાણા પોતાની પાસે જમા રાખેલ હોય તેટલા દિવસોની સંખ્યા) ÷ (૧૦૦ × ૩૬૫)

  $$\text{Interest} = \frac{\text{Amount paid} \times 18 \times \text{Days}}{100 \times 365}$$ (લીપવર્ષમાં ૩૬૬ દિવસ)

  **ઉદાહરણ**: જો વિદ્યાર્થીની શોધ યોજનાની સ્ટાઇપેંડની રકમ રૂપિયા ૧૫,૦૦૦=૦૦ તેના બેંક ખાતામાં તારીખ: ૦૧/૦૧/૨૦૨૦નાં રોજ જમા થાય ત્યારબાદ જો તે સ્ટાઇપેંડની રકમ તારીખ: ૦૧/૦૪/૨૦૨૦નાં રોજ પરત કરે તો તેને ૧૮% લેખે મૂળ રકમ ઉપરાંત ૯૦ દિવસનું વ્યાજ ઉપરના ફોર્મુલા મુજબ ચૂકવવાનું રહેશે.

4. જો કોઈ વિદ્યાર્થી ઉક્ત સ્ટાઇપેંડ મેળવ્યા બાદ પીએચ.ડી. અધૂરું છોડી દે અથવા જો વિદ્યાર્થી ૦૬ માસથી વધુ ગેરહાજર રહેશે તો તેણે લીધેલી તમામ રકમ ૧૨%ના દંડનીય વ્યાજ સહીત પરત કરવાની રહેશે. વિદ્યાર્થી શોધ યોજનાની સ્ટાઇપેંડની રકમ તેના બેંક ખાતામાં જે તારીખે જમા થાય તેના ૩૦ દિવસમાં શોધ યોજના હેઠળ મળેલ સ્ટાઇપેંડની પૂરેપૂરી રકમ પરત કરશે તો તેની પાસેથી વ્યાજ વસૂલવામાં આવશે નહિ પરંતુ જો વિદ્યાર્થી દ્વારા તેની શોધ યોજનાની સ્ટાઇપેંડની રકમ તેના બેંક ખાતામાં જે તારીખે જમા થાય તેના ૩૦ દિવસ બાદ પરત કરવામાં આવે ત્યારે તેવા કિસ્સામાં તે વિદ્યાર્થી પાસેથી જે દિવસે તેના ખાતામાં જેટલી રકમ જમા થઇ હોય તે રકમો પર નીચેની ફોર્મુલા મુજબ ૧૨%નાં વાર્ષિક દરે વ્યાજ પણ વસૂલવામાં આવશે.

   **ફોર્મુલા**: Amount x 12 x Days (વિદ્યાર્થીની શોધ યોજનાની સ્ટાઇપેંડની રકમ તેના બેંક ખાતામાં જે તારીખે જમા થાય તે તારીખથી જેટલા મહિના સુધી સ્ટાઇપેંડના નાણા પોતાની પાસે જમા રાખેલ હોય એટલા દિવસની સંખ્યા) ÷ (૧૦૦ × ૩૬૫)

   $$\text{Interest} = \frac{\text{Amount Paid} \times 12 \times \text{Days}}{100 \times 365}$$ (લીપવર્ષમાં ૩૬૬ દિવસ)

ઉદાહરણ : જો વિદ્યાર્થીની શોધ યોજનાની સ્ટાઇપેંડની રકમ રૂપિયા ૧૫,૦૦૦=૦૦ તેના બેંક ખાતામાં તારીખ: ૦૧/૦૧/૨૦૨૦નાં રોજ જમા થાય ત્યારબાદ જો તે સ્ટાઇપેંડની રકમ તારીખ: ૦૧/૦૪/૨૦૨૦નાં રોજ પરત કરે તો તેને ૧૨% લેખે મૂળ રકમ ઉપરાંત ૯૦ દિવસનું વ્યાજ ઉપરના ફોર્મુલા મુજબ ચૂકવવાનું રહેશે.

A. તા. ૦૧-૦૧-૨૦૨૦ થી તા.૦૫-૦૪-૨૦૨૦ સુધીનું રૂ. ૧૫,૦૦૦=૦૦નું ૧૨% લેખે વ્યાજની ગણતરી (જાન્યુઆરી થી અપ્રિલ)

| મહિનો | દિવસ |
|---|---|
| જાન્યુઆરી | ૩૧ |
| ફેબ્રુઆરી | ૨૯ |
| માર્ચ | ૩૧ |
| અપ્રિલ | ૦૪ |
| કુલ | ૯૫ |

$$\text{Interest} = \frac{\text{Amount paid} \times 12 \times \text{Days}}{100 \times 365}$$

$$= \frac{૧૫૦૦૦ \times ૧૨ \times ૯૫}{૧૦૦ \times ૩૬૬}$$

= ૪૬૭ રૂ.

ચૂકવવાની થતી કુલ રકમ= મળેલ સ્ટાઇપેંડની કુલ રકમ + કુલ વ્યાજ

૧૫૦૦૦ + ૪૬૭ = ૧૫,૪૬૭

B. ૦૧-૦૧-૨૦૨૦ થી તા.૦૫-૦૪-૨૦૨૦ સુધીનું રૂ. ૧૫,૦૦૦=૦૦નું ૧૮% લેખે વ્યાજની ગણતરી (જાન્યુઆરી થી અપ્રિલ)

| મહિનો | દિવસ |
|---|---|
| જાન્યુઆરી | ૩૧ |
| ફેબ્રુઆરી | ૨૯ |
| માર્ચ | ૩૧ |
| અપ્રિલ | ૦૪ |
| કુલ | ૯૫ |

$$\text{Interest} = \frac{\text{Amount paid} \times 18 \times \text{Days}}{100 \times 365}$$

$$= \frac{૧૫૦૦૦ \times ૧૮ \times ૯૫}{૧૦૦ \times ૩૬૬}$$

= ૭૦૧ રૂ.

ચૂકવવાની થતી કુલ રકમ= મળેલ સ્ટાઇપેંડની કુલ રકમ + કુલ વ્યાજ

૧૫૦૦૦ + ૭૦૧ = ૧૫,૭૦૧

5. જેમ જેમ દિવસોની સંખ્યા વધશે તેમ મૂળ મુદ્દલ સાથે વ્યાજની રકમ વધતી જશે. જે સંપૂર્ણ રકમ પરત થાય ત્યાં સુધી ચૂકવવાની થાય છે.

6. વિદ્યાર્થીઓએ આ યોજના હેઠળ મળેલ સ્ટાઇપેંડની રકમ પરત કરવા નિયત પત્રકમાં અરજી કરવાની રહેશે.

7. વિદ્યાર્થીએ આ નિયત અરજી સાથે કુલ રકમનો "Knowledge Consortium of Gujarat- SHODH" ના નામનો અમદાવાદ ખાતે ચૂકવવાપાત્ર (Payable at Ahmedabad) ડિમાન્ડ ડ્રાફ્ટ જ જોડવાનો રહેશે. ચેક/રોકડ સ્વીકારવામાં આવશે નહીં

8. વિદ્યાર્થીએ નિયત નમૂનામાં અરજી અને ડિમાન્ડ ડ્રાફ્ટ નીચેના સરનામે રૂબરૂ/પોસ્ટ/કુરિઅર દ્વારા જમા કરાવવાના રહેશે.

   SHODH-ScHeme Of Developing High quality research
   નોલેજ કોન્સોર્ટીયમ ઓફ ગુજરાત (કેસીજી),
   પ્રજ્ઞાપુરમ, પી.આર.એલ.ની સામે,
   એલ.ડી. ઇજનેરી કોલેજ પાસે,
   નવરંગપુરા,
   અમદાવાદ- ૩૮૦૦૧૫
   મો. નં.-૯૯૭૯૨૦૦૧૫૨

૨૪-૧-૨૧

પ્રો.એ.યુ.પટેલ
એડવાઈઝર, કે.સી.જી,
પૂર્વ કુલપતિ,
ગુજરાત યુનિવર્સિટી

Annexure- 1

| SHODH- ScHeme of Developing High Quality Research | | |
|---|---|---|
| **Attendance Certificate to be issued by the Guide and Head of Department** | | |
| 1. | Name of the Student | |
| 2. | Subject | |
| 3. | Name of the Department | |
| 4. | Name of University | |
| 5. | Ph.D. approval (by RDC) date | |
| 6. | Ph.D. Title | |
| 7. | Month/Year of attendance | |
| 8. | No. of days attended by student | |
| 9. | Leave taken by student if any | |
| 10. | Percentage of student's attendance of the month | |
| 11. | Reason of Student's leave | |
| 12 | Whether continuation of stipend under SHODH is recommended or not? | |

Name of Guide: ____________________
Designation: ______________________
Dept. Name: ___________________
Signature : _________________ Date: ________

Name of Head of Department: _______________
Dept. Name: _____________________________
Signature: ________________ Date:_____________

Round Seal of Dept.

**Annexure- 2**

# SHODH- ScHeme of Developing High Quality Research

**Continuous Evaluation Report to be issued by the Guide and Head of Department**

| | | |
|---|---|---|
| 1. | Name of Student | |
| 2. | Subject | |
| 3. | Name of the Department | |
| 4. | Name of University | |
| 5. | PhD approval (by RDC) date | |
| 6. | Month/Year of attendance | |
| 7. | Continuous Evaluation Report of Student During the Month | |
| 8. | Progress of Student | Excellent ☐ Very Good ☐<br>Good ☐ Average ☐<br>Poor ☐ |
| 9. | Whether continuation of stipend under SHODH is recommended Yes/No? | |

Name of Guide: ____________________

Designation: ____________________

Dept. Name: ____________________

Mobile No.: ____________________

Email ID: ____________________

Signature: ________________ Date __________

Name of Head of Department: ________________

Dept. Name: ____________________

Mobile No.: ____________________

Email ID: ____________________

Signature: ________________ Date: ____________

Round Seal of Dept.

Annexure- 3

# SHODH- ScHeme of Developing High Quality Research

## Contingency Expense Form

Name of Student: ______________________ SHODH Reference Id:______________

Name of Department: ______________ Name of University:____________________

Date of First Installment ________Mobile No.______________Email address______________

**Please put (√) mark(s) whichever is applicable**

| DETAILS | Tick (√) | DETAILS | Tick (√) |
|---|---|---|---|
| Books/Xerox/Printing/ Equipments | | Stationary | |
| Membership Fees for Professional Organisation/s | | Travel expenses | |
| Seminar/Conferences fee | | Other – Please Specify | |

### A. Books/Xerox, Stationary, Equipments

| SN | Name of purchased Books/ Stationary/ Equipments | Name of the Supplier | Cash Memo/ Invoice No. | Date | Amount (Rs.) |
|---|---|---|---|---|---|
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | **Total** | |

### B. Membership Fees for Organization/s

| SN | Name and Address of organization | Date of Joining | type of membership (Monthly/Yearly) | Amount |
|---|---|---|---|---|
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | **Total** | |

### C. Conference/Seminar Fee details

| SN | Date | Topic | Level (State/National) | Fee |
|---|---|---|---|---|
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | **Total** | |

## D. Travel Expenses

| SN | From Station | Date & Time | To Station | Date & Time | Mode of Journey Railway/Bus/Car | Total K.M. ( From & To) | Total Amount |
|---|---|---|---|---|---|---|---|
| | | | | | Railway ☐<br>Bus ☐<br>Petrol Car ☐<br>Diesel Car ☐<br>CNG Car ☐<br>Rickshaw ☐<br>Two Wheeler ☐ | | |
| | | | | | | | |

## E. Other Miscellaneous Expenses

| SN | Type of Expense | Name of the Supplier | Cash Memo/ Invoice No. | Date | Amount |
|---|---|---|---|---|---|
| | | | | | |

- **Please give full details along with necessary enclosures.**

**Total A + B + C + D + E (Rs.)** ____________________

**Total Amount in Words:** __________________________________________

**Date:**______________

**Signature of Student**_____________

______________________________

( )

**Name & Signature of Ph.D. Guide**

**Annexure- 4**

# SHODH- ScHeme of Developing High Quality Research

## Application Form for Stipend Return

SHODH Application Id/ Reference No.:

| | | |
|---|---|---|
| 1. | Name of Applicant: | |
| 2. | Permanent Address: | ____________________<br>____________________ Ta: ____________________<br>Dis: ____________________ Pin: ____________________ |
| 3. | Contact Details: | (M) ____________________ (R) ____________________<br>E-Mail: ____________________ |
| 4. | Ph.D. Registration No.: | |
| 5. | Name of University : | |
| 6. | Name of Department : | |
| 7. | Ph.D. Subject and Title: | |
| 8. | **Details of Stipend Received:** | |

Amount Received: Rs. __________ (In words: ______________________________)

Received Date: ______________ Returned Date: ______________

Interest to Pay: Rs. __________

Total Amount to Return (Stipend Amount + Interest amount) : Rs. __________

In Words: ______________________________

| | |
|---|---|
| 9. | **Details of Demand Draft** (Full Amount of Stipend) |
| | In Favour of : **Knowledge Consortium of Gujarat SHODH** Payable at: Ahmedabad |
| | Demand Draft No.:______________ Issuing Bank:_______________________ Issued Date:_________________<br>Amount: _______________ In Words __________________________________________________________ |
| 10 | Reason for Refunding Stipend : |
| 11. | Undertaking:<br>I ______________________________ the undersigned returning my Stipend amount in total and I know that I will not apply for the Stipend under SHODH Scheme in future.<br><br>_______________<br>(Name and Sign of Student)<br><br>_______________<br>(Name and Sign of Ph.D. Guide)<br><br>_______________<br>(Name and Sign of University Nodal Officer)<br><br>Place:<br>Date: |

Annexure-5

# SHODH- ScHeme of Developing High Quality Research

## Thesis Submission Form

| Sr No. | Particulars | Details |
|---|---|---|
| 1 | Name of Student | |
| 2 | SHODH application Id./ Reference No. | |
| 3 | Name of Subject | |
| 4 | Name of Department | |
| 5 | Name of University | |
| 6 | Name of Guide & Mob. No. | |
| 7 | Ph.D. thesis title | |
| 8 | Ph.D. Registration Date | |
| 9 | SHODH fellowship joining Date | |
| 10 | Total amount Received till today | |
| 11 | Thesis submission Date | |
| 12 | Date of Final viva-voce | |
| 13 | Mobile No. | |
| 14 | Email address | |

I ________________________________ the undersigned hereby certify that my thesis has been submitted to the University. Therefore I undersigned request to discontinue my SHODH Stipend from now onwards as my PhD process is complete.

I know that now onwards, I am not eligible for SHODH stipend after submission of thesis. Also, I will not apply/ receive the Stipend under this Scheme again in future.

**Date:** ____________________

**Sign. of Student:** ________________

**Sign. & Stamp of Guide/ Co-guide**

**Sign. & Stamp of Head of the department/ Institution**

**Sign. & Stamp of Nodal Officer**

**Sign. & Stamp of Registrar**